# ભાડૂતમાર્ગદર્શિકા

Toronto
Community
Housing

તમારા Toronto Community Housing હોમમાં નિવાસ

અમારી ટીમ અને અમે કેવી રીતે તમારી સેવા કરીએ

તમારું નિવાસ

સામાન્ય વિસ્તારો

તમારો ભોગવટો

તમારી સલામતી

416-981-5500 I www.torontohousing.ca I ડિસેમ્બર 2014

# વધુ જાણો

તમે Toronto Community Housing સમાચારો, બેઠકો, નીતિઓ, સ્વરૂપો, અને ઢાંચા વિશેની વધુ વિગતો **www.torontohousing.ca** પર મેળવી શકો છો.

તમે નિમ્નલિખિતની નવી આવૃત્તિઓ મેળવી શકો છો:

- Accessibility Policy (સુલભતા નીતિ)
- Accessible Customer Service Policy (સુલભ ગ્રાહક સેવા નીતિ)
- Consent to Disclose Information ફૉર્મ (માહિતી જાહેર કરવાનું સંમતિ ફૉર્મ)
- આવાસ અરજીઓ માટે દસ્તાવેજો
- Eviction Prevention Policy for Non-payment of Rent (Arrears) [ભાડાની બિન ચુકવણી માટે કબજો છોડાવવાની નિવારણ નીતિ (બાકી દેણાં)]
- Policy on Evictions for Cause (હેતુલક્ષી કબજો છોડાવવાની નીતિ)
- Human Rights, Harassment and Fair Access Policy (માનવીય અધિકારો, પજવણી અને વાજબી સુલભતા નીતિ)
- વિડિઓ અને પૅકેજ ભાડે લેવા
- Tenant Transfer Policy (ભાડૂત બદલી નીતિ)
- Unit Condition Follow-Up Process (યૂનિટ કંડીશન ફૉલો-અપ પ્રૉસેસ)
- Visitor and Guest Policy (મુલાકાતી અને અતિથિ નીતિ)

**કોઈ પણ નીતિની મુદ્રિત નકલ મેળવવા માટે, તમે કરી શકો છો:**

1. **તેને ઑનલાઇન પ્રિંટ કરો**
2. **તમારા Operating Unit (ઑપરેટિંગ યૂનિટ) અથવા Property Management Office (સંપત્તિ વ્યવસ્થાપન ઑફિસ)ની મુલાકાત લો**
3. **Client Care Centre (ગ્રાહક સંભાળ કેન્દ્ર)ના 416-981-5500 પર સંપર્ક કરો અથવા help@torontohousing.ca પર ઈમેઇલ કરો**

પ્રકાશન સમયે આ પુસ્તિકા ખામીરહિત હતી. **help@torontohousing.ca** પર સુધારાઓ મોકલો.

© ડિસેમ્બર 2014 Toronto Community Housing.

# સુસ્વાગતમ્

City of Torontoની માલિકીનું, Toronto Community Housing લગભગ 58,000 પરિવારોને શહેરભરમાં નજીકમાં મકાન પૂરા પાડે છે. અમે સ્વચ્છ, સલામત, સુવ્યવસ્થિત અને પરવડે એવા મકાન પૂરા પાડવા, અને સેવાઓ અને ટેકો સાથે રહેવાસીઓને જોડવા માટે પ્રયત્નશીલ રહીએ છીએ. અમે આપણા સમુદાયના જીવનની સમૃદ્ધિ (સુખાકારી) અને ગુણવત્તા સુધારી શકે એ માટે તકોને ઉત્તજન આપવા ઘણા ભાગીદારો સાથે કામ કરીએ છીએ.

તમારા Toronto Community Housing નિવાસમાં રહેવા માટે આ તમારી માર્ગદર્શિકા છે. તેમાં ભાડૂત તરીકે તમારા અધિકાર અને જવાબદારીઓની વિગતો છે. તમારા ઘરને રહેવા માટે ઉત્તમ સ્થળ કેવી રીતે બનાવાય એ અંગેની પણ તેમાં માહિતી છે.

આ માર્ગદર્શિકાને તમારી બનાવવા જેમણે તેમના મંતવ્ય અને પ્રતિભાવ આપ્યા છે તે Tenant Communications Workgroup (ટેનન્ટ કમ્યુનિકેશન્સ વર્કગ્રુપ)ના કર્મચારીઓ અને નિવાસીઓ, અને સભ્યોનો અમે આભાર માનીએ છીએ. આ માર્ગદર્શિકાને વાપરવા માટે હાથવગી રાખો અને જ્યારે તમને મદદની જરૂરીયાત પડે ત્યારે કોઈપણ સમયે અમારો સંપર્ક કરો.

---

અગત્યનું: આ ભાડૂત માર્ગદર્શિકાનો હેતુ તમારી માહિતીના ત્વરિત સ્રોત માટે છે. આ માર્ગદર્શિકાની માહિતી પરિવર્તિત થઈ શકે છે અથવા જુની થઈ શકે છે. આ માર્ગદર્શિકાની માહિતી કાનૂની સલાહ તરીકે નહિ લઈ શકાય. જો આ માર્ગદર્શિકામાં લખેલી વિગત અને Canadaના કોઈ કાનૂન (ફેડરલ, પ્રાન્તિક અથવા અન્ય કોઈ), અથવા કોઈપણ Toronto Community Housing નીતિ, પ્રક્રિયા અથવા માર્ગદર્શનમાં જો કોઈ તકરાર હોય તો કાયદા, નીતિ પ્રક્રિયા અથવા માર્ગદર્શન લાગુ પડશે. આ માર્ગદર્શિકામાં કશું પણ વચન તરીકે જેમ કે, Toronto Community Housing આવું કંઈક કરશે કે આવું કંઈક નહિ કરે, તે રીતે લેવામાં નહિ આવવું જોઈએ, કોઈ ઑફર અથવા સમજુતી તરીકે પણ નહિ લેવામાં આવવું જોઈએ.

## જો મારી માર્ગદર્શિકા ગુમ થાય તો, કૃપા કરી અહીં પરત કરો:

**નામ**

_____________________________________________

**સરનામું**

_____________________________________________

# અનુક્રમણિકા


## 07 **અમારી** Toronto Community Housing **ટીમ** અને અમે કેવી રીતે તમારી સેવા કરીએ

10 **Toronto Community Housingનો કેવી રીતે સંપર્ક કરશો**

11 **તમારો સ્થાનિક સ્ટાફ**

12 **અધિકારો અને જવાબદારીઓ**

15 **Toronto Community Housingની સેવા પ્રતિબદ્ધતા**

16 **ફરિયાદ પ્રક્રિયા**

## 19 તમારું નિવાસ

19 **સફળ નિવાસ માટે માહિતી**

19 સ્થળાંતર

19 એલિવેટર અને વહેંચણીઓ

19 સજાવટ

20 સગવડો (યુટિલિટિઝ)

20 ફોન, કેબલ, અને ઇન્ટરનેટ

21 ઉપકરણો

21 વિન્ડો એર કંડીશનર અને સૅટલાઇટ ડિશિસ

21 પાળેલા પ્રાણી સંભાળ

23 બારી સલામતી

23 બૅલ્કનિ (અટારીઓ)

24 ચાવીઓ અને ફૉબ્સ

24 વીમા

25 સારસંભાળ અને સમારકામ

25 હીટિંગ (ઉષ્ણતા)

26 કચરો, ઑર્ગેનિક કચરો અને રીસાઇક્લિંગ
26 જીવાત નિયંત્રણ (પૅસ્ટ કંટ્રોલ)
27 વાર્ષિક યૂનિટ નિરીક્ષણ
28 તમારા યૂનિટ સુધીની પહોંચ
28 સુલભ રહેઠાણ

## 29 સામાન્ય વિસ્તારો

29 સામાન્ય વિસ્તારમાં ધૂમ્રપાન નિષેધ
29 હવા વહેંચણી
30 લૉન્ડ્રી રૂમો
30 મનોરંજન રૂમો
30 હૉલવેઝ
31 બહારની જગ્યાઓ
31 બહારની પગદંડી અને સ્વીમિંગ પૂલો
32 પાર્કિંગ

## 37 તમારો ભોગવટો

**37 તમારું ભાડું**
**37 ભાડાના પ્રકારો**
**38 તમારા ચુકવણી વિકલ્પો**
**39 તમારી લીઝ**
39 તમારી આવકમાં ફેરફાર અંગે જાણકારી
40 વાર્ષિક ભાડા સમીક્ષા
40 તમારા પરિવારમાં કઈ રીતે કોઈને ઉમેરવું કે દૂર કરવું
41 ડાઉનસાઈઝિંગ (વધુ પડતા માટે મોટા ઘર) કાર્યપદ્ધતિઓ
41 વિસ્તરેલ (વધુ પડતા માટે નાના ઘ) કાર્યપદ્ધતિઓ
41 બદલીની વિનંતી કેવી રીતે કરશો
42 Visitor and Guest Policy (મુલાકાતી અને અતિથિ નીતિ)
42 90 દિવસથી વધુ ગેરહાજરી
43 વ્યક્તિગત માહિતીનો ખુલાસો
**44 કબજો છોડાવવો (ઇવિક્શન)**
**45 સ્થળાંતર પદ્ધતિ**

## 47 તમારી સલામતી

48 તમારા સમુદાયમાં

51 અગ્નિ સલામતી

54 પાવર નિષ્ફળતાઓ (વીજળી જવી)

## 55 સામેલ થવું

55 બેઠકો

56 બુલેટિન બોર્ડ્સ

56 અમારી વેબસાઇટ

56 કોનો સંપર્ક કરવો

## 57 સેવાઓ અને ટેકો

58 ઉપયોગી નંબર

59 સલામતી નંબર

60 કટોકટી દરમિયાન મદદ

62 યુવાનો માટે માહિતી

63 વરિષ્ઠો માટે માહિતી

64 તમારી સ્થાનિક સેવાઓ

## 65 શબ્દાવલિ અને પરિશિષ્ટ

65 પારિભાષિક શબ્દોનો કોશ

67 પરિશિષ્ટ 1 – અગ્નિ સલામતી સૂચનો

70 પરિશિષ્ટ 2 – Toronto Community Housing ને હરિયાળું રાખો

# અમારી Toronto Community Housing ટીમ અને અમે કઈ રીતે તમારી સેવા કરીએ

Toronto Community Housingમાં લગભગ 1,600 જેટલા કર્મચારીઓ છે જે સમારકામ, તમારી લીઝ, સ્થાનિક સેવાઓ અને ટેકો તેમ જ સલામતીને લગતી માહિતીઓ અને સેવાઓ, જેની તમને જરૂરત પડે, તેને પૂરી પાડે છે.

### Client Care Centre

**Client Care Centre** દિવસના 24 કલાક, વર્ષના 365 દિવસ ઉપલબ્ધ રહે છે. એજંટો કૉલના જવાબો આપે છે અને બિલ્ડિંગ કટોકટી માટે તમારી મદદ કરી શકે છે. તે તમારા ભોગવટા અને સમારકામ વિનંતીના સવાલોના જવાબ પણ આપી શકે છે. **416-981-5500** પર કૉલ કરો અથવા **help@torontohousing.ca** પર ઈમેઇલ કરો.

### સુપરિન્ટન્ડન્ટ

તમારા સુપરિન્ટન્ડન્ટ તમારા બિલ્ડિંગ અથવા કૉમ્પ્લેક્સમાં કામ કરે છે. તે તમારી રોજબરોજની જાળવણી અને **416-981-5500** પર ફોન દ્વારા વિનંતી કરેલી સેવાઓ પૂર્ણ કરે છે. સુપરિન્ટન્ડન્ટ સવારે 8:30 થી સાંજે 4:30 વાગ્યા સુધી કામ કરે છે.

કામના કલાકો પછીની સેવાઓ માટે, **Client Care Centre**નો સંપર્ક કરો.

### Tenant Services Coordinator (ભાડૂત સેવાઓ સહયોજક)

તમારા Tenant Services Coordinator યૂનિટને ભાડે આપવા, લીઝ અંગેના હસ્તાક્ષર માટે નિવાસીઓ સાથે બેઠક કરવા અને ભાડા ગણતરી માટે જવાબદાર છે. તમે તમારા Tenant Services Coordinatorનો તમારા ભાડે કે અન્ય કોઈ ભોગવટાની બાબતો માટે સંપર્ક કરી શકો છો.

### Community Services Coordinator (સામાજિક સેવા સહયોજક)

Community Services Coordinator રહેવાસીઓ, સ્થાનિક અગ્રણીઓ, અને એજંસીની સાથે મળી તમારા સમુદાયની જરૂરિયાતો ઓળખી કામ કરશે અને રહેવાસી અગ્રતા અને સામેલપણાને ટેકો આપશે. તેઓ:

- તમારી સાથે સમાન ધ્યેય પ્રાપ્ત કરવા કામ કરશે
- Toronto Community Housingમાં તમને અને તમારા પડોશીઓને સાંકળીને ઉપલબ્ધ સેવા, તકો અને બીજા જરૂરી આધારો માટે ટેકો આપશે.

## Community Patrol Officers (સામુદાયિક ચોકિયાત અધિકારીઓ)

અમારા સમુદાયને સલામત રાખવા અમારા Community Patrol Officers અને Special Constables (ખાસ કૉન્સ્ટેબલ) ઉપરાંત ખાનગી સલામતી કંપની Toronto Police Service સાથે ભાગીદારીમાં કામ કરે છે. આ અધિકારીઓ આપણી સામુદાયિક જગ્યાએ જોવા મળી શકે છે. Community Safety Unit (સામુદાયિક સુરક્ષા યૂનિટ) પર ભાડૂત દ્વારા**416-921-2323** પર કૉલ કરવાથી તેઓ પ્રતિભાવ આપશે.

## Community Safety Advisors (સામુદાયિક સુરક્ષા સલાહકાર)

Community Safety Advisors યોગ્ય આંતરિક સ્રોત કે બહારની એજંસી તારવીને તમારા સમુદાયની સલામતીની બાબતોને ઉકેલશે અથવા ધ્યાન આપશે. Community Safety Advisors રહેવાસીઓના વડપણવાળી સલામતી સમિતિને પણ ટેકો પૂરો પાડે છે.

## Community Housing Supervisor (સામુદાયિક નિવાસ સુપરવાઇઝર)

Community Housing Supervisors તમારા બિલ્ડિંગમાં કામ કરતી ટીમનું વ્યવસ્થાપન કરે છે અને તે તમારા સમુદાયમાં સમારકામનું સંકલન કરે છે. તે તમારા બિલ્ડિંગ કર્મચારી જુથનું વ્યવસ્થાપન કરે છે.

## Operating Unit Manager (ઑપરેટિંગ યૂનિટ મૅનેજર)

Operating Unit Manager તમારી સ્થાનિક ઑપરેટિંગ યૂનિટ ઑફિસ (Operating Unit Office)ના જુથનું વ્યવસ્થાપન કરે છે.

## Property Management Staff (પ્રૉપર્ટી મેનેજમેંટ સ્ટાફ)

Toronto Community Housing ચાર સેવા પૂરી પાડનાર સાથે કામ કરે છે જે અમારી કંપનીની કેટલીક મિલકતના વ્યવસ્થાપનમાં મદદરૂપ રહે છે. પ્રૉપર્ટી મેનેજમેન્ટ કંપની એ રોજબરોજની બિલ્ડિંગ કામગીરીથી થોડી ભિન્ન છે. તમારા સ્થળે હજી પણ સુપરિન્ટન્ડન્ટ ઉપલબ્ધ હશે. તેમ છતાં, તેમનું ઑફિસ માળખું અલગ છે. તમે **Client Care Centre**નો સંપર્ક કરી શકો છો:

- નવું સમારકામ જે તમારા યૂનિટમાં જરૂરી છે

- એવું સમારકામ જેની વિનંતી કરાઈ હોય અથવા પુરું કર્યું હોય
- ફરિયાદ કેવી રીતે કરશો
- પત્ર જે તમને મળ્યો છે
- Client Care Centre**ને તમારો છેલ્લો કૉલ**

ધ્યાન રાખો કે તમે કરેલી પ્રત્યેક વિનંતી માટે તમે તમારો રેફરન્સ નંબર માંગો.

તમારી લીઝ, તમારા ભોગવટા અથવા તમારા ખાતા અંગે તમે જો કોઈની સાથે વાત કરવા ઈચ્છતા હો તો, તમારા સ્થાનિક Property Management Officeનો સંપર્ક કરો.

## તમારી વિનંતીના અનુસંધાન માટે રેફરન્સ નંબરનો ઉપયોગ કરો

જ્યારે તમે **416-981-5500** પર **Client Care Centre**ને સમારકામ માટે વિનંતી કરશો કે તમારા ભોગવટા અંગે સવાલ કરશો, ત્યારે અમારા એજંટ તમને **રેફરન્સ નંબર** આપશે. તમારો આ રેફરન્સ નંબર છે. તમારી વિનંતીને અનુસરવા માટે તમારા નંબરનો ઉપયોગ કરો. જ્યારે પણ ફોન કરો ત્યારે તમારા રેફરન્સ નંબર વિશે અચુક પૂછવું જોઈએ.

## મારે આ વિશે સવાલો છે...

સમારકામ માટે

કેવી રીતે ફરિયાદ કરશો

મારું ખાતું

મારો ભોગવટો

મારો છેલ્લો

# ફોન અમે પૂછો.

# Toronto Community Housingનો કેવી રીતે સંપર્ક કરશો

Toronto Community Housing મિલકતો શહેરભરમાં Operating Unitમાં સંયોજિત છે. આનાથી સેવાઓ રહેવાસીઓની નિકટ આવે છે.

તમે અમારો સંપર્ક કરી શકો છો:

**વ્યક્તિગત**

જો તમે કોઈ સાથે વ્યક્તિગત વાત કરવા ઈચ્છતા હોવ તો, તમે તમારા સુપરિન્ટન્ડન્ટ સાથે વાત કરી શકો છો પણ તમારે તમારા Operating Unit અથવા Property Management Officeની (કેટલીક ઈમારતો માટે) મુલાકાત લેવી પડશે. ઝડપી સેવા માટે, મુલાકાત ગોઠવવા માટે અગાઉથી કૉલ કરો. તમારા Operating Unit અથવા Property Management Office કયાં છે, એ વિશે તમે જાણતા ના હોવ તો , **Client Care Centre** તમને કઈ ઑફિસની મુલાકાત લેવાની છે તે જણાવશે.

**ફોન દ્વારા**

તમે **Client Care Centre**નો દિવસના 24 કલાક **416-981-5500** પર સંપર્ક કરી શકો છો.

**ઈમેઈલ દ્વારા**

જો તમારી બાબત તરત ઉકેલ માગતી ન હોય તો, અમને **help@torontohousing.ca** પર ઈમેઈલ કરો.

---

**કાર્યાલય સમય: Operating Unit અને Property Management Office રાબેતા મુજબ સોમવારથી શુક્રવાર સવારે 8:30 થી સાંજે 4:30 વાગ્યા સુધી ખુલ્લા રહેશે. તે શનિ-રવિ અને જાહેર રજાના દિવસે બંધ રહે છે. જો તમારી Property Management Office માટે આ સમયથી અલગ કાર્યસમય ધરાવતી હશે તો યોગ્ય સમય ઑફિસના દરવાજા પર લગાવેલો હશે.**

---

## તમારા સ્થાનિક Operating Unit અથવા Property Management Staff

આ કર્મચારીગણ તમારી બિલ્ડિંગના રહેવાસીઓ માટે સેવારત રહે છે. તમે એમની પાસે માહિતી અને તમારે જરૂરી બાબતો વિશે પૂછી શકો છો.

તમે કોઈની સાથે વ્યક્તિગત વાત કરવા ઑફિસની મુલાકાત લો ત્યારે, તમે કરી શકો:

- તમારા લીઝ વિશે સવાલો.
- તમારા ભાડા વિશે સવાલો.
- તમારું ભાડું ચુકવી શકો.
- અન્ય યૂનિટ માટે તબદીલીની વિનંતી.
- Toronto Community Housing નિવાસી નીતિની નકલ મેળવી શકો.
- તમારા ભોગવટા કે તમારા ખાતા અંગે કોઈપણ સવાલ પૂછી શકો છો.
- આવકમાં ફેરફાર અંગેના અહેવાલ, તમારા વાર્ષિક ભાડા સમીક્ષા પૂરી કરવા, તમારા ઘરમાં કોઈ નવું આવ્યું કે કોઈ વિદાય થાય એ માટે ફૉર્મ ભરવા.

## તમારો સ્થાનિક સ્ટાફ

### તમારા Operating Unit અથવા Property Management Office અને અન્ય મહત્વના લોકોની સંપર્ક માહિતી લખો.

---

**અગત્યનું:** તે તમને સેવાઓ અને તમને જરૂરી વસ્તુઓ માટે મદદરૂપ થશે.

---

(તમે તમારું લીઝ સહી કરશો ત્યારે તમને આ માહિતી ઉપલબ્ધ થશે, અથવા તમે કોઈપણ સમયે **416-981-5500** પર **Client Care Centre**ને કૉલ કરી શકો છો.)

**ઑપરેટિંગ યૂનિટ** (OU)નામ: ______________________________ **OU** પત્ર: ____________

**પ્રૉપર્ટી મેનેજમેન્ટ** કંપનીનું નામ (જો લાગુ પડતું હોય તો): ______________________________

ઑફિસનું સરનામું: ______________________________________________

ફૅક્સ નંબર: ________________________ ઈમેઇલ સરનામું: ________________________

**Operating Unit Manager (ઑપરેટિંગ યૂનિટ મૅનેજર)**:

ફોન: ____________________________ ઑફિસ સમય: ____________________________

**Community Housing Supervisor (કમ્યૂનિટી હાઉઝિંગ સુપરવાઇઝર)**:

ફોન: ____________________________ ઑફિસ સમય: ____________________________

**બિલ્ડિંગના સુપરિન્ટેન્ડન્ટ**:

ફોન: _______________________________ ઑફિસ સમય: ______________________________

**Tenant Services Coordinator (TSC) અથવા Property Administrator**:

ફોન: _______________________________ ઈમેઇલ સરનામું: ____________________________

**Community Services Coordinator (CSC) Engagement [સામુદાયિક સેવા સહયોજક (CSC) કાર્યવ્યવસ્થા]**:

ફોન: _______________________________ઈમેઇલ સરનામું: ____________________________

**Community Services Coordinator (CSC) Access [સામુદાયિક સેવા સહયોજક (CSC) પહોંચ]**

ફોન: _______________________________ઈમેઇલ સરનામું: ____________________________

**Community Services Coordinator (CSC) Support [સામુદાયિક સેવા સહયોજક (CSC) આધાર]**:

ફોન: _______________________________ઈમેઇલ સરનામું: ____________________________

**Community Safety Advisors (CSA) [સામુદાયિક સુરક્ષા સલાહકાર (CSA)]**:

ફોન: _______________________________ઈમેઇલ સરનામું: ____________________________

# ભાડૂતના અધિકારો અને જવાબદારીઓ

## ભાડૂત તરીકે, તમારા અધિકાર છે:

### ભાડૂતની સુરક્ષા

તમે તમારા યૂનિટમાં ત્યાં સુધી રહી શકો છો:

- તમે તમારા મકાનમાલિકને (Toronto Community Housing) યોગ્ય લેખિત નોટિસ આપો અથવા
- Residential Tenancies Act*ના નિયમોનો ભંગ કરવા બદલ મકાનમાલિક તમારા ભોગવટાનો અંત આણી શકે છે.*

### પ્રવેશ અગાઉ નોટિસ

- મકાનમાલિકે (Toronto Community Housing) તમારા યૂનિટમાં પ્રવેશ કરતાં પહેલાં 24 કલાકની લેખિત નોટિસ આપવાની રહેશે સિવાય કે કોઈ કટોકટી હોય.
- Toronto Community Housingની કર્મચારી વ્યકતિ અથવા તો કૉન્ટ્રેક્ટર જે તમારા યૂનિટમાં પ્રવેશ કરે એના માટે *Residential Tenancies Act* અથવા તમારા લીઝ સંબંધિત કોઈ કારણ હોવું જોઈએ.

**ભાડૂત તરીકે, તમારા અને તમારી સાથે રહેતી કોઈ પણ વ્યક્તિએ તમારી લીઝની જવાબદારીઓનું પાલન કરવું પડશે.**

આમાં નીચેની જવાબદારીઓનો સમાવેશ થાય છે, પરંતુ ફક્ત તે માટે જ મર્યાદિત રહેતી નથી:

- દર મહિને, તમારા ભાડાની નિયમિત ચુકવણી કરો.
- તમારું યૂનિટને સ્વચ્છ અને સુઘડ સ્થિતિમાં રાખો.
- તમે અથવા તમારા મુલાકાતીઓ અથવા તમારા મહેમાનો નુકસાન કરો તે એવું સમારકામ કરાવો અથવા સમારકામના પૈસા ચુકવો. (આમાં નિયમિત ઘસારા માટેના સમારકામનો સમાવેશ થતો નથી.)
- તમારી વર્તણૂંક અને તમારા ઘરના અન્ય સભ્યો, તમારા મુલાકાતીઓ, તમારા મહેમાનો, તેમના પાલતુ જાનવર અને તમારા પાલતુ જાનવરની વર્તણુંક માટે તમે જવાબદાર રહો છે.
- વધુ પડતો ઘોંઘાટ નહિ કરીને, તમારા પાલતુ જાનવરને કાબુમાં અને સાફ સુથરું રાખી, સહિયારા વિસ્તાર માટેની કચરા પેટીનો ઉપયોગ કરી સ્વચ્છતા જાળવો અને તમારા પડોશીઓનું માન જાળવો.
- આપણા સમુદાયોમાં ભાડાના યૂનિટ, વ્યક્તિગત સંપત્તિ, સહિયારી જગ્યાઓ અને ઑફિસો સહિત તમામ સંપત્તિનો આદર કરો.
- Toronto Community Housing નીતિ અને લાગુ પડતા તેના તમામ કાયદાઓનું પાલન કરો.
- તમારા ઘરના સામાનનો ઘરેલુ વીમો ઉતરાવો. સામાન્ય રીતે આને સામગ્રી અથવા ભાડૂતનો વીમો કહે છે (જુઓ 24મું પાનું).
- તમારે તાળું બદલવાની જરૂરત હોય તો મદદ માટે તમારા સુપરિન્ટન્ડન્ટને જણાવો. **લૉક જાતે બદલો નહિ**.
- તમારા યૂનિટમાં કોઈ આવે કે તમારા યૂનિટમાંથી કોઈ જાય એની 30 દિવસની અંદર તમારા Tenant Services Coordinator અથવા Property Administratorને લેખિતમાં જાણ કરો.
- તમારા આવક ફેરફાર વિશે 30 દિવસની તમારા Tenant Services Coordinator અથવા Property Administratorને જાણ કરો.
- તમે તમારા યૂનિટને પેટા ભાડે આપી શકશો નહિ.

## માનવીય અધિકારો

ટોરોન્ટો ઘણા લોકો અને સંસ્કૃતિઓથી બનેલું છે. Toronto Community Housing આ વૈવિધ્યતાને સમાવે છે અને સમાવેશક હાઉસિંગ અને કામકાજનું વાતાવરણ પુરું પાડવા કટિબદ્ધ છે, જ્યાં બધા સાથે સમાન મુલવણી થાય છે અને યોગ્ય રીતે વર્તણૂંક કરવામાં આવે છે. રહેવાસીઓ, મુલાકાતીઓ, મહેમાનો અને કર્મચારીઓને તમામ સ્ટાફરૂપમાં પરસ્પર આદરણીય, ભેદભાવ અને સતામણી મુક્ત સુરક્ષિત વાતાવરણમાં રહેવાનો અધિકાર છે.

Toronto Community Housingના Human Rights, Harassment and Fair Access Policy (માનવીય અધિકારો, પજવણી અને વાજબી સુલભતા નીતિ) ધરાવે છે જે Ontario *Human Rights Code*ની જરૂરિયાતોને પ્રતિબંધિત કરે છે.

જો કોઈને લાગતું હોય કે તેઓ આ નીતિ વિરુદ્ધ સતામણી અને/અથવા ભેદભાવ અનુભવે છે તો, અને જો તે લોકો તેમના Operating Unit અથવા Property Management Office દ્વારા ઉકેલ ન મેળવી શકે તો તેઓ ફરિયાદ દાખલ કરી શકે છે.

જો Toronto Community Housing ખાતે માનવ અધિકારો અંગે વધુ માહિતીની તમને જરૂર હોય અથવા આ નીતિ વિશે વાચવું હોય, તો અમારી વેબસાઇટ**www.torontohousing.ca**ની મુલાકાત લો અથવા **humanrights@torontohousing.ca** પર ઈમેઇલ કરો.

---

**અગત્યનું:** ભાડૂતની જવાબદારીઓ અંગેનો એક વિડિઓ (ઘણી ભાષાઓમાં) **www.torontohousing.ca/lease** પર ઑનલાઇન ઉપલબ્ધ છે.

---

## Toronto Community Housingના અધિકારો અને જવાબદારીઓ

### જવાબદારીઓ

તમારા મકાનમાલિક તરીકે, અમે:

- તમારી લીઝ મુજબની અથવા કાયદા હેઠળની, બંને સેવા પૂરી પાડીએ છીએ.
- તમારી ભાડાની પ્રૉપર્ટીને સારી રીતે જાળવી રાખીએ છીએ અને સમારકામની વિનંતીઓનો પાંચ દિવસમાં પ્રતિભાવ આપીએ છીએ.
- સ્થાનિક આરોગ્ય, સલામતી, અને મિલકત ધોરણો તેમ જ પેટાનિયમોને આધીન છે.
- વિનંતી કરવા પર ચુકવણીની રસીદ પૂરી પાડે છે.
- જો તમે આવક અનુસાર ભાડું ચુકવતા હો તો, તમારા ભાડા સમીક્ષાની વાર્ષિક રીતે પ્રક્રિયા કરે છે.
- કટોકટી (પૂર, આગ લાગવી, જીવનને ખતરારૂપ ઘટના અથવા જીવન-સલામતીની તપાસ) સિવાય તમારા ઘરમાં પ્રવેશ માટે 24 કલાકની નોટિસ અપાશે, કટોકટીમાં સ્ટાફ યૂનિટમાં પ્રવેશ કરી શકે છે.
- વિકલાંગ વ્યક્તિને સુવિધાજનક ગ્રાહક સેવા પૂરી પાડે છે.

### અધિકારો

તમારા મકાનમાલિક તરીકે, અમે:

- જો તમે માર્કેટ ભાડું ચુકવતા હો તો, એક મહિનાની ભાડાની ડિપોઝિટ લો.
  - તમારા ભોગવટાના છેલ્લા મહિનાની ભાડા ચુકવણી તરીકે આ ડિપોઝિટને ગણી લેવામાં આવશે.

- ડિપોઝિટનો કોઈ અન્ય કારણસર ઉપયોગ થઈ શકશે નહિ, જેમ કે નુકસાની ભરપાઈ કરવી.
- મકાનમાલિકે ડિપોઝિટ પર દર વર્ષે વ્યાજ ચુકવવાનું રહેશે.

- જે લોકો ભાડું મોડું ચૂકવે અથવા Toronto Community Housing પ્રૉપર્ટીના કાયદાનું ઉલ્લંઘન કરે તો, તે માટે ભાડૂતનો કબજો છોડાવવા પાછળ પડશે.

કબજો છોડવવાના વધુ કારણ તમે પાનાં 44 પર જોઈ શકો છો.

---

**અગત્યનું:** Toronto Community Housing તમને ખાલી કરાવવા માંગતા નથી. અમે સમસ્યાઓ ઉકેલવા માંગીએ છીએ જેથી તમે મકાનમાં રહી શકો. જે નિવાસીઓ નાણાંકીય તકલીફ અનુભવતા હોય તેમની સાથે કામ કરવા અમે કટિબદ્ધ છીએ. જો તમે તમારું ભાડું ચુકવી શકતા ન હોવ, અથવા ભોગવટાને લગતી કોઈ અન્ય સમસ્યા હોય તો તમારા Tenant Services Coordinator (ભાડૂત સેવાઓ સહયોજક)નો અથવા Property Administrator (સંપત્તિ સુપરિન્ટન્ડન્ટ)નો સંપર્ક કરો.

---

## Toronto Community Housingની સેવા કટિબદ્ધતા

તમે Toronto Community Housingના Client Care Centreનો દિવસના 24 કલાક, સપ્તાહના સાત દિવસ, વર્ષના પ્રત્યેક દિવસે સંપર્ક કરી શકો છો. તમારી જરૂરિયાતો પૂરી કરવા અમે શ્રેષ્ઠ પ્રયાસ કરીશું.

### સમારકામ અને જાળવણી

સમારકામની વિનંતી માટે કૃપા કરી Client Care Centreનો **416-981-5500** પર સંપર્ક કરો.

- સમારકામ અને જાળવણીની વિનંતીનો અમે પાંચ કાર્યદિવસમાં પ્રતિભાવ આપીએ છીએ.
- અમે લાંબા સમયના ઉકેલ માટે તમારી સાથે કામ કરીશું.
- જો કોઈ કટોકટી ન હોય તો, તમે **help@torontohousing.ca** પર ઈમેઇલ મોકલી શકો છો. અમારા એજંટ તમને રેફરન્સ નંબર આપશે. આ તમારો વ્યક્તિગત રેફરન્સ નંબર છે જેનો ઉપયોગ તમારી વિનંતીના અનુસંધાન માટે કરી શકો છો.
- જ્યારે પણ તમે કૉલ કરો તમારે રેફરન્સ નંબર જરૂર માંગવો જોઈએ.

**કટોકટી સમારકામ**

જ્યારે તમે તત્કાળ સમારકામ મળે તે માટે કૉલ કરો ત્યારે કર્મચારી ચાર કલાકમાં તમારા ઘરે પહોંચશે, જેનો આધાર સમારકામના પ્રકાર પર રહેશે. અમે સમસ્યા ઉકેલવાનો અથવા તેને વધુ ખરાબ થતાં અટકાવવાનો પ્રયાસ કરીશું. જો સમારકામ કામચલાઉ હોય તો તમારી વિનંતીને નિયમિત સમારકામ તરીકે જાણવામાં આવશે અને સ્ટાફ પાંચ કાર્ય દિવસમાં પ્રતિભાવ આપશે.

**સુલભ ગ્રાહક સેવા**

Toronto Community Housingની Accessible Customer Service Policy (સુલભ ગ્રાહક સેવા નીતિ) *ઑન્ટારિયોના વિકલાંગ કાયદા (Accessibility for Ontarians with Disabilities Act)*ને અનુસરે છે.
આ કાયદા વિશે વધુ જાણવા મિનિસ્ટ્રી ઑફ કમ્યૂનિટી ઍન્ડ સોશિયલ સર્વિસ વેબસાઇટ
www.mcss.gov.on.caની મુલાકાત લો.



Accessible Customer Service Policy આ સિદ્ધાંતોનું પાલન કરે છે:

1. ગ્રાહક સેવા વિકલાંગ વ્યક્તિની શ્રેષ્ઠતા અને સ્વતંત્રાનું માન જાળવી પૂરી પાડવામાં આવશે.
2. વિકલાંગ ગ્રાહકોને અન્ય બીજા ગ્રાહકોની જેમ એ જ સેવાનો, એ જ સ્થળે અને એ જ રીતે સંપૂર્ણ લાભ મળશે સિવાય કે કોઈ વૈકલ્પિક પગલાં જરૂરી હોય.
3. વિકલાંગ ગ્રાહકોને સેવાની સમાન ઉપલબ્ધિ મળશે જે બીજા અન્ય ગ્રાહકોને મળે છે.

નીતિઓ વિશે વધુ જાણકારી માટે, અમારી વેબસાઇટ **www.torontohousing.ca/accessibility** ની મુલાકાત લો.

## Toronto Community Housing ફરિયાદ પ્રક્રિયા

તમારી ચિંતા અને ફરિયાદોની બાબતો માટે અમે સંભાળ લઈશું. અમારો ધ્યેય નિવાસીઓને સારી સેવા પૂરી પાડવાનો છે. જો તમે અમને જણાવશો નહિ તો અમે તમારી ફરિયાદોનું નિરાકરણ કરી શકશું નહિ. તમે તમારી સમસ્યાઓ અથવા ફરિયાદોને ઘણી રીતે વ્યક્ત કરી શકો છો. ગ્રાહક સેવા સાથે તમારા યૂનિટ કે સમુદાયમાં સમારકામની ગુણવત્તા અથવા Toronto Community Housing વેપાર વ્યવહાર સંબંધિત સમસ્યાઓ નોંધાવવા નીચે જણાવેલી કોઈપણ પદ્ધતિમાંથી, એકનો ઉપયોગ કરી સંપર્ક કરી શકો છો.

1. **વ્યક્તિગત**: Property Management Officeમાં તમારા Operating Unit Manager અથવા સ્ટાફ સાથે વાત કરીને.

2. **લેખિત:** તમારા Operating Unit અથવા Property Management Officeને ઈમેઇલ અથવા નિયમિત મેઇલ (ટપાલ) દ્વારા લખો.

3. **ફોન દ્વારા 416-981-5500** પર, અથવા

4. ઈમેઇલ દ્વારા [help@torontohousing.ca](mailto:help@torontohousing.ca) પર મુલાકાત લો.

### રેફરન્સ નંબર પૂછવાનું યાદ રાખો.

તમારી ફરિયાદના ઉકેલની પ્રગતિના અનુસંધાને જ્યારે તમે અમારી સાથે વાત કરો ત્યારે દર વખતે આ નંબરનો ઉપયોગ કરો.

તમને મળેલી સેવા અંગે તમે સંતુષ્ટ ન હોવ તો, Operating Unit અથવા Property Manager સાથે વાત કરો. તે તમારી ફરિયાદ નોંધીને તેને 10 કાર્યદિવસમાં ઉકેલવાનો પ્રયાસ કરશે. આમ છતાં તમે સેવાથી અથવા તમારી ફરિયાદ જે રીતે હાથ ધરાઈ એનાથી સંતુષ્ટ ન હોવ તો **416-981-5500** પર કૉલ કરો. તમારી ફરિયાદ નોંધી લેવાશે અને સીનિઅર મૅનેજર પાંચ કાર્યદિવસોમાં તમારો સંપર્ક કરશે.

### તમે ફરિયાદ કરો તે પછી શું બને છે?

જે કર્મચારી સદસ્ય તમારી ફરિયાદ લે છે તે **બે કાર્યદિવસમાં** તેની પુષ્ટિ કરશે.

### તમને ક્યારે પ્રત્યુત્તર મેળશે?

કર્મચારી સદસ્ય તમને **10 કાર્યદિવસમાં** પ્રત્યુત્તર આપશે. ફરિયાદ કેવી રીતે ઉકેલાશે અને ફરિયાદના ઉકેલમાં કેટલો સમય લાગી શકે છે તે એ જણાવશે.

## યોગ્ય હોય એમ કરો: છેતરપિંડી અને નકામી વસ્તુ અંગે રિપોર્ટ કરો, તરત જ

છેતરપિંડી Toronto Community Housingમાં બધાને અસર કરે છે. છેતરપિંડી પ્રવૃત્તિઓને અટકાવવામાં વપરાતા ભંડોળને, Toronto Community Housingમાં ખૂબ જરૂરી-મોટા સમારકામમાં રોકવામાં આવી શકે છે.

- ખાલી યૂનિટમાં, વિલંબિત થતા સમારકામ પ્રતિક્ષા યાદીવાળા ગ્રાહકને અપાર્ટમેન્ટમાં તરત આવતા રોકે છે.
- નુકસાન ભંડોળને સમારકામની પ્રાથમિકતાથી અન્યત્ર લઈ જાય છે.
- નકામી પ્રવૃત્તિઓ તમને અને તમારા સમુદાયને જરૂરી સમારકામ માટે લાંબી રાહ જોવડાવે છે.
  છેતરપિંડીની બાબતો હાથ ધરવા Toronto Community Housing સ્વતંત્ર સેવા ભાડેથી લે છે. તમે તમારું નામ આપ્યા વગર તમારી તકલીફ અંગે રિપોર્ટ કરી શકો છો. તમે તમારી સમસ્યા તમારી વિશેષ પસંદગીની ભાષામાં કોઈ પણ સમયે આપી શકો છો.

Internal Audit Department (આંતરિક ઑડિટ વિભાગ)નું Investigations Unit (તપાસ એકમ), જે Toronto Community Housingના નિયામક મંડળને રિપોર્ટ કરતું સ્વતંત્ર એકમ છે, એ તમારી સમસ્યાની તપાસ કરશે.

તમને લાગતું હોય કે તમારા કર્મચારી સદસ્ય અથવા નિવાસી છેતરપિંડી કરે છે, તો તરત જ રિપોર્ટ કરો.

- *ડુ વૉટ્સ રાઇટ (Do What's Right)* ફોન નંબર **1-877-993-6744** પર કોઈ પણ સમયે કૉલ કરો.
- કોઈપણ સમયે ઑનલાઇન રિપોર્ટ કરવા માટે **www.tnwgrc.com/torontocommunityhousing** જુઓ.
- રિપોર્ટ લખો અને અહીં મોકલો:

  Chief Internal Auditor
  c/o Toronto Community Housing
  931 Yonge Street
  Toronto, ON M4W 2H2
- તમે મદદ માટે **www.torontohousing.ca/report_fraud_or_waste માંથી ટેમ્પ્લેટ ડાઉનલોડ કરી શકો છો.**

# તમારું નિવાસ

## સફળ નિવાસ માટે માહિતી



1. **સ્થળાંતર**

સ્થળાંતર પહેલાં, તમારા મકાનને સ્વચ્છ, દુરૂસ્ત અને તપાસ કરી લેવામાં આવ્યું છે. જરૂર પડ્યે, જંતુનાશક છંટકાવ પણ કરેલો હશે. તમારા સુપરિન્ટન્ડન્ટ તમારી સાથે આવી નિરીક્ષણ કરશે અને ઘરમાં કયા ફેરફાર કરી શકો અને કયા ન કરી શકો એ અંગે તમને જાણકારી આપશે. તમે સૂચવેલા કોઈપણ સમારકામની નોંધણી કરશે, અને ચાર્જબૅક્સ (ખરચા) વિશે જણાવશે અને તમારા ઘર માટે ચાર્જબૅક્સની યાદી આપશે.



2. **એલિવેટર અને વહેંચણીઓ**

દરેક Toronto Community Housing પ્રૉપર્ટી જુદીજુદી છે.

- તમે અપાર્ટમેન્ટ બિલ્ડિંગમાં રહેવા જતા હોવ તો, તમારા સુપરિન્ટન્ડન્ટ સાથે વાત કરી એક લિફ્ટ અનામત કરાવો. તમે તમારા **Client Care Centre**નો પણ સંપર્ક કરી શકો છો. એજંટ તમને રેફરન્સ નંબર આપશે અને સુપરિન્ટન્ડન્ટ સાથે વ્યવસ્થા કરી એલિવેટરને સેવા માટે ઉપલબ્ધ કરાવશે.
- તમારા સ્થળાંતરના દિવસે, આવ્યા પહેલાં બે કલાક પહેલાં **Client Care Centre**નો જણાવવું જેથી લિફ્ટની સેવા શરૂ થઈ શકે.
- તમારી પાસે નાની કે મોટી વસ્તુઓ, જેમ કે ફર્નિચર, બિલ્ડિંગમાં ખસેડવાના હોય તો, તમારા સુપરિન્ટન્ડન્ટને પૂછો કે તમારા બિલ્ડિંગમાં એ કેવી રીતે પહોંચતી કરાશે.

3. **સજાવટ**

તમારા યૂનિટને આરામદાયક બનાવી આનંદ માણો. આ તમારું ઘર છે.

---

યાદ રાખો: લીઝની શરતો અનુસાર, સજાવટ વખતે કાયમી ફેરફારો માન્ય હોતા નથી.

---

- જો તમે કાયમી ફેરફાર કરાવો તો તમારી પાસેથી યૂનિટ, પ્રવેશ વખતે જેવું હતું એવું પરત કરવાનો ખર્ચ વસૂલ કરવામાં આવશે.
- ફ્લૉરિંગ (ભોંય) ફેરફાર થઈ શકશે નહિ.
- દરવાજાઓની, કેબિનેટ, અથવા નળ અને વીજળી સાધનો હટાવી શકાશે નહિ.
- ચોંટાડી શકાય એવા ફોટો હુક, જે દિવાલને નુકસાન ન કરે તેનો જ ઉપયોગ કરવો. ખીલી કે હુકનો, ફોટો ટાંગવા ઉપયોગ કરી નહિ શકાય.

સજાવટ અંગે "શું કરવું" અને "શું ન કરવું" તે બાબત વધુ સવાલ હોય તો, તમારા સુપરિન્ટન્ડન્ટને પૂછો અથવા **Client Care Centre** પર કૉલ કરો.

## 4. **સગવડો (યુટિલિટિઝ)**



- તમારા Tenant Services Coordinator અથવા Property Administrator તમને જણાવશે કે કઈ સગવડોના પૈસા તમારે સીધા ચુકવવાના છે અને કયા પૈસા તમારા ભાડામાં સામેલ થયા છે.
- તમે આવક અનુસાર ભાડું ચુકવતા હો તો, તમારી સગવડો માટેની ચુકવણી જુદી હશે એને તેનો આધાર તમારા યૂનિટની સાઇઝ પર રહેશે. આ રકમ *Housing Services Act* અને શહેરની આવક અનુસાર ભાડું માર્ગદર્શનો પર નિર્ધારિત રહે છે.
- જો વીજળી બિલ ચુકવવાની જવાબદારી તમારી હોય તો, Toronto Hydroનો **416-542-8000** પર કૉલ કરો અથવા સ્થળાંતર તારીખ પહેલાં તમારું અકાઉંટ ખોલવા માટે **www.torontohydro.com**ની મુલાકાત લો. જો ગૅસ-બિલ ચુકવવાની જવાબદારી તમારી હોય તો, Enbridgeનો **1-888-427-8888** પર કૉલ કરો અથવા સ્થળાંતર તારીખ પહેલાં તમારું અકાઉંટ ખોલવા માટે **www.enbridgegas.com**ની મુલાકાત લો.



## 5. **ફોન, કેબલ, અને ઇન્ટરનેટ**

ફોન, કેબલ, અને ઇન્ટરનેટનો તમારા ભાડામાં સમાવેશ થતો નથી. ટોરોન્ટોમાં સેવા પૂરી પાડતી કોઈ પણ કંપની તમે પસંદ કરી શકો છો. સોમવારથી શુક્રવાર દરમિયાન દિવસે ફોન અથવા કેબલ કંપની સાથે અપોઇન્ટમેન્ટ (મુલાકાત) ગોઠવો જેથી બિલ્ડિંગના પ્રતિબંધિત વિસ્તારમાં ટેક્નિશનનાં પ્રવેશ માટે તમારા સુપરિન્ટન્ડન્ટ હાજર હોય.

તમારી બિલ્ડિંગમાં ઍંટર-ફોન સિસ્ટમ (પ્રવેશ ફોન પદ્ધતિ) હોય, જે ચાલુ હાલતમાં ન હોય, તો તમારા કેબલ પ્રોવાઇડર સાથે તપાસ કરો અને જુઓ કે એન્ટર-ફોન સિસ્ટમ સેવા કામ આપે છે કે નહિ.

## 6. ઉપકરણો

પ્રત્યેક Toronto Community Housing યૂનિટ ફ્રિજ અને સ્ટવ ધરાવે છે. તેમને નિયમિત રીતે સાફ કરશો તો સારી કામગીરી આપશે. તમારા ફ્રિજ કે સ્ટવને સમારકામની જરૂરત હોય તો, **Client Care Centre**નો સંપર્ક કરો. નિયમિત કામના કલાકો દરમિયાન એજંટ સર્વિસની વ્યવસ્થા કરી શકે છે.

ઘણા બિલ્ડિંગોમાં સહિયારી કપડાં ધોવાના રૂમ છે જે ચોક્કસ સમયે ખુલે અને બંધ થાય છે. ભાડૂતોને ઘરમાં વૉશિંગ મશીન, ડ્રાયર અથવા ડિશવૉશર રાખવાની અનુમતિ નથી. આ મશીનો ઘરમાં રાખવાથી તમારા બિલ્ડિંગની પ્લમિંગ પદ્ધતિને નુકસાન થઈ શકે છે, તમારા અને તમારા પડોશીને ત્યાં પાણીનો ભરાવો થઈ શકે છે અથવા પાણી જતું રહેવું જેવી અન્ય સમસ્યાઓ સર્જાઈ શકે છે. લેખિત અનુમતિ વગર તમે સાધનો લગાવ્યા હશે તો, તે દૂર કરાવામાં આવશે અને મકાનમાલિકને જરૂરી સમારકામ માટે ચુકવણી કરવી પડશે.

## 7. વિન્ડો એર કંડીશનર અને સેટેલાઇટ ડિશ

વિન્ડો એર કંડીશનર અથવા સેટેલાઇટ ડિશ લગાડતા પહેલાં તમારે તમારા Operating Unit અથવા Property Management Officeથી લેખિત મંજૂરી લેવાની રહેશે. માન્ય વ્યાવસાયિક પાસે આ સાધનો લગાવડાવવા જોઈએ, જે નિશ્ચિત સલામતી નિયમોને આધીન હોય, અને સલામતીનું જોખમ પેદા ન કરે. તે સલામત રીતે લગાડેલા છે તેનો પુરાવો તમારે રજુ કરવાનો રહેશે.

આ પ્રકારના સાધન લગાડવા Operating Unit અથવા Property Manager ગુણવત્તા સભર કૉન્ટ્રેક્ટરોની યાદી આપી શકે છે.

જો તમે લેખિત મંજૂરી વગર વિન્ડો એર કંડીશનર કે સેટેલાઇટ ડિશ લગાવી હોય તો, તમારે તે હટાવવાનો અને જે કંઈ સમારકામ થાય તેનો ચાર્જ ચુકવવાનો રહેશે.

---

**કૃપા કરી નોંધમાં લો:** જો તમે સેટેલાઇટ ડિશ લગાડાવો તો તમારા ઘરનો વીમો કરવો ફરજિઆત રહેશે. વીમા વિશે વધુ માહિતી પાના નંબર 24 પર મળી રહેશે.

---

## 8. પાળેલા પ્રાણી સંભાળ 

અમે જાણીએ છીએ કે પાળેલું જાનવર તમારે માટે કેટલું મહત્વનું હોય છે. અમે પાળતુ પ્રાણી માટે અનુકૂલ વાતાવરણ પૂરું પાડીએ છીએ. કૃપા કરી નોંધી લો કે શહેરના પેટા કાયદા મુજબ પ્રત્યેક ઘર મહત્તમ ત્રણ કૂતરા પાળી શકે છે. તમારા ઘરમાં કોઈપણ સમયે તમારી પાસે કૂતરો, બિલાડી, ફેરીટ (ધ્રુવપ્રદેશની એક બિલાડી) અને

સસલાં મળીને છ થી વધુ પાળતુ પ્રાણી ન હોવા જોઈએ. તમારા પાળેલા પ્રાણીના વર્તન માટે તમે જવાબદાર રહેશો. તમારા મુલાકાતી કે મહેમાનના પાળેલા પ્રાણીના વર્તન માટે પણ તમે જવાબદાર હશો. આમાં પાળેલા પ્રાણી દ્વારા કરાતો અતિશય ઘોંઘાટ અને તેની પાછળ સાફ સફાઈ પણ સામેલ છે.

**તમારી પાસે અથવા તમારા મુલાકાતી કે મહેમાન પાસે પાળેલા પ્રાણી હોય તો તમારે નીચેના નિયમોનું પાલન કરવાનું રહેશે:**

- તમારા પાળેલા પ્રાણીને સહિયારા વિસ્તારમાં પટ્ટાથી બાંધી રાખો, દાખલા તરીકે, તમે યૂનિટ છોડીને જતા હોવ અને જ્યારે તમે બહાર જતા હોવ.
- તમારી લીઝમાં જણાવ્યા મુજબ તમારા પાળેલા પ્રાણી, પ્રૉપર્ટીને અથવા અન્યની મિલકતને નુકસાન ન કરે, ઉપદ્રવ ન ફેલાવે અથવા વિના કારણે ખલેલ ન પહોંચાડે એવું ધ્યાન રાખો.
- તમારા પાળેલા પ્રાણીને ક્યારેય બૅલ્કનિ (ગૅલરી)માં એકલું ન છોડો.
- તમારા પાળેલા પ્રાણીનો બગાડ તરત વાળી લઈને તેનો નિકાલ કરો અને દર સમયે એ તમારી જવાબદારી રહે છે.
- પાળેલા પ્રાણીના બગાડનો નિકાલ જવાબદારીથી કરો:
  - તમારા પાળેલા પ્રાણીને ચલાવવા લઈ જતા હોવ ત્યારે બહારની કચરા પેટીનો ઉપયોગ કરો
  - બિલાડીના ગંદવાડનો શૌચાલયમાં નિકાલ ન કરો
  - તમામ પાળેલા પ્રાણીના ગંદવાડો સુરક્ષિત રીતે બેવડી બૅગમાં રાખો (બિલાડીનો ગંદવાડો, પક્ષીના પાંજારામાંના કપડાં) કચરા નાળીમાં સાચવીને નિકાલ થાય.

જો તમારા પાળેલા પ્રાણી માટે લાયસંસ જરૂર છે કે કેમ અને પાળેલા પ્રાણી વિશેના નિયમોની વધુ જાણકારી માટે City of Torontoની **416-338-7387** પર કૉલ કરો અથવા

**www.toronto.ca/animal_services/licensing.htm**ની મુલાકાત લો.

તમારા પડોશીનો કૂતરો હંમેશા ભસતો રહે અને પડોશી તેના પર ધ્યાન ન આપે અથવા તમારે પાળેલા પ્રાણી માટે બીજી ફરિયાદો હોય તો, **416-338-7297** પર કૉલ કરો અથવા **animalservices@toronto.ca**ની મુલાકાત લો.

પડોશીના પાળેલા પ્રાણી વિશેની ફરિયાદ Toronto Community Housing સ્ટાફ સાથે નોંધાવો જેઓ તમારી ફરિયાદ અંગે તમારા પડોશી સાથે વાત કરશે.

## 9. બારી સલામતી 

બારીના તાળાનો (લૉક) અપાર્ટમેન્ટ બિલ્ડિંગોમાં ઉપયોગ કરવો જોઈએ જેથી લોકો અને પાળેલા પ્રાણીઓ બારીમાંથી બહાર સરકીને પડી ન જાય. તેમને સ્વચ્છ હવા માટે 10 સેન્ટીમીટર ખુલ્લી રાખી શકાય છે, જે તમને સલામતી પૂરી પાડશે.

બારીના તાળાં અથવા આડશ (સ્ક્રીન) તમને સુરક્ષિત રાખે છે. તમારા યૂનિટમાં બારીના તાળા અથવા આડશ દૂર ના કરો અને કૃપા કરી તેમની સાથે નુકસાન કે છેડછાડ ન કરો. આવું કરવાથી તમારા બાળકો અથવા પાળેલા પ્રાણીઓ જે તમારા ઘરમાં રહે છે અથવા મુલાકાત માટે આવે છે, તેમના માટે જોખમરૂપ થઈ જશે. આ તમારી લીઝ શરતોનું ઉલ્લંઘન કરે છે, અને તમારે રિપેર માટે ચુકવણી કરવી પડી શકે છે.

તમારા સુપરિન્ટેન્ડન્ટ અથવા **Client Care Centreનો સંપર્ક કરી તમારા બારીના તાળા અથવા આડશની સમારકામની જરૂરીયાત વિશે રિપોર્ટ કરો.** સામાન્ય સમારકામની જેમ અમે સમસ્યાનું પાંચ કાર્ય દિવસમાં હલ કરીએ છીએ.

## 10. બૅલ્કનિ (ગૅલરી)

---

તમારી સલામતી માટે: **તમારી બૅલ્કનિમાં તમારા બાળકો કે પાળેલા પ્રાણીને એકલા ક્યારેય ન છોડો.**

---

**આ વસ્તુઓ રાખવાની તમારી બૅલ્કનિમાં પરવાનગી નથી.**

- **શેતરંજી (ગાલીચો)**: ભીની શેતરંજી કોંક્રીટ અને લાકડાનું નુકસાન કરી શકે છે.
- **બાર્બિક્યૂઝ (ખુલ્લામાં રાંધણ)**: તેમાં આગનું જોખમ છે.

**તમારી બૅલ્કનિ કપડાં સુકવવા માટે નથી**. કપડાં સુકવવા ડ્રાઇંગ રૅકનો ઉપયોગ કરો.

**તમારી બૅલ્કનિ ભંડારગૃહ (સ્ટોરરૂમ) નથી**. એનાથી આગનું જોખમ પેદા થાય છે. તમને એ સાફ કરવાનું કહેવામાં આવશે.

**તમારી બૅલ્કનિમાંથી કશું ફેંકો નહિ**. આમ કરીને તમે નીચેના માણસને ગંભીર ઈજી પહોંચાડી શકો છો અથવા મિલકતને નુકસાન પહોંચાડી શકો છો. સિગરેટના ઠુંઠા એશ ટ્રે (રાખદાની)માં રાખો, તમારી બૅલ્કનિમાંથી તે નાંખવા બદલ તમને દંડ થઈ શકે છે.

**તમે કબૂતરોને રોકવા માટે જાળી નાંખાવવા માંગો છો તો, તમારે** Operating Unit અથવા Property Management Office પાસેથી મંજૂરી લેવી પડશે.

**તમારી બૅલ્કનિમાં સેટેલાઇટ ડિશ લગાડવાની ઇચ્છા હોય તો, તમારે તમારા Operating Unit અથવા Property**

**Management Office પાસેથી લેખિત મંજૂરી લેવી પડશે (પાનું 21 જુઓ).**

### 11. ચાવી અને ફોબ્સ

Toronto Community Housing તમને તમારા યૂનિટમાં અને મેઈલ બૉક્સ માટે ચાવી અથવા ફોબ્સ આપશે. તમે તમારી બિલ્ડિંગના મુખ્ય પ્રવેશ દ્વાર અને અન્ય સહિયારી જગ્યાના ઉપયોગ માટે સલામતી ફોબ્સ મેળવશો.

- જો તમારે વધારાની ચાવી જોઈતી હોય અથવા ચાવી ખોવાઈ ગઈ હોય અને તમારું તાળું બદલવા ઈચ્છતા હોવ, તો તમારા સુપરિન્ટેન્ડન્ટ સાથે વાત કરો.
- કટોકટી સમયમાં અથવા કાર્ય સમય બાદ **Client Care Centre**ના **416-981-5500** પર કૉલ કરો. જવાબ આપવા માટે એકથી ચાર કલાક લાગી શકે છે.
- નિવાસીઓને લૉક બદલવાની કે ઉમેરવાની અનુમતિ નથી. લૉક બદલવું કે ઉમેરવું એ લીઝનું ઉલ્લંઘન છે. તમારે પ્રવેશ માટે લૉક તોડવું પડે, તો તમારે સમારકામનો ચાર્જ ચુકવવો પડશે.
- તમારા પરિવારનો હિસ્સો ન હોય એવા લોકોને તમારી ચાવી કે ફોબ્સ આપો નહિ. આનાથી બધાની સલામતી જોખમમાં આવી જાય છે અને લીઝનું ઉલ્લંઘન થાય છે.
- જ્યારે તમે છોડીને જતા રહેવાના હોવ, તો છેલ્લા દિવસે તમારી ચાવીઓ સુપરિન્ટેન્ડન્ટને ત્યાં જમા કરાવી દો.

---

અગત્યનું :**લૉક બદલવા માટે તમારી પાસેથી $99 સુધીના ચાર્જ અને ફોબ્સ માટે $25 ચાર્જ લેવાશે.**
(આ ડિસેમ્બર 2014 મુજબના દર છે. આ ચાર્જ ભવિષ્યમાં વધી શકે છે.)

---

### 12. વીમા

તમારા સામાન માટે તમારી પાસે વીમો છે? તમારી લીઝ હેઠળ, તમારા સામાન માટે વીમો લેવો, એ તમારી જવાબદારી રહે છે. આ પ્રકારના વીમાને સામાન્ય રીતે કંટેન્ટ્સ ઇન્શુઅરન્સ (સામાનનો વીમો) અથવા રેન્ટર્સ ઇન્શુઅરન્સ (ભાડૂતનો વીમો) કહે છે.

Toronto Community Housingનો વીમો તમારા સામાનને બદલવા માટે નહિ ચુકવાય જો આગ, પૂર, કે અન્ય કટોકટીથી તમારો સામાન નુકસાન પામ્યો હોય.

જો તમારી કેટલીક કે બધી આવક Ontario Works અથવા Ontario Disability Support Programમાંથી આવી હોય તો, આ પ્રોગ્રામ કંટેન્ટ્સ વીમાના ખર્ચને આવરી લઈ શકે છે. વધુ વિગત માટે તમારા કેસ વર્કર (કર્મચારી) સાથે વાત કરવાની જરૂર છે.

### વીમો શું કરશે?

જો તમારું યૂનિટ પૂરથી, અગ્નિથી અથવા કોઈ અન્ય ઘટનાથી નુકસાન પામ્યું હોય, તો વીમો તમારા સામાનની ભરપાઈ માટે ચુકવણીમાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે તમારા કોઈ કાર્ય કારણ આગ લાગી હોય તો, કાનૂની ખર્ચાની ભરપાઈ માટે તે મદદ કરી શકશે. નુકસાની કે કટોકટીના સમય દરમિયાન તમારે યૂનિટ છોડીને વૈકલ્પિક યૂનિટ અથવા હોટલમાં રોકાવું પડે તો તેનો ખર્ચો આવરી લઈ શકાય છે.

### પરવડે એવો વીમો

સોશિયલ હાઉસિંગમાં રહેતા ભાડૂત લોકો માટે Marsh Canada વીમો પૂરો પાડે છે. તમે કિંમત અને કવરેજ (વિમાની પૉલિસીની રકમ) માટેની માહિતી **http://tenant.hscorp.ca** પરથી અથવા **1-866-940-5111** પર કૉલ કરી મેળવી શકો છો.

તમારા માટે કયો વીમો યોગ્ય છે તે અંગે સવાલો હોય, તો તમે Insurance Bureau of Canada (ઈન્શુઅરન્સ બ્યૂરો ઑફ કૅનેડા)ને **416-362-9528**પર, સોમવારથી શુક્રવાર સુધી, સવારે 8:00 વાગ્યાથી સાંજે 5:00 વાગ્યા સુધી કૉલ કરી શકો છો.

## 13. સારસંભાળ અને સમારકામ

જ્યારે સમારકામની જરૂરિયાત હોય ત્યારે તરત જ તમે **Client Care Centre**ને **416-981-5500** પર કૉલ કરીને તમે Toronto Community Housingની મદદ કરી તમારા યૂનિટને સારી સ્થિતિમાં રાખી શકો છો. જો તમે રાહ જુઓ તો, સમસ્યા વધારે ગંભીર થઈ શકે છે, અને તમારે થોડા અથવા બધા સમારકામ માટે ચુકવણી કરવી પડી શકે છે.

## 14. હીટિંગ (ઉષ્ણતા)

બિલ્ડિંગ સ્ટાફ મોટા ભાગના બિલ્ડિંગોમાં તાપમાનનું સતત ધ્યાન રાખે છે. Toronto Apartment Minimum Temperature Bylaw મુજબ બિલ્ડિંગનું તાપમાન, 15 સપ્ટેમ્બરથી 1 જૂન સુધીમાં 21 ડિગ્રી સેલ્સિયસ રહેવું જોઈએ. અમે આ પેટાકાયદા મુજબ ક્યારે હીટ (ઉષ્ણતા) વધારવી અને ઘટાડવી એ નક્કી કરીએ છીએ. જો તમે તમારા યૂનિટની અંદરના તાપમાન અંગે ચિંતિત છો તો, **Client Care Centre**ને કૉલ કરો.

## 15.**કચરો, ઑર્ગેનિક કચરો અને રીસાઇક્લિંગ**

પ્રૉપર્ટી અનુસાર કચરાનાં નિકાલ માટે નિયમોમાં ફેરફાર હોઈ શકે છે. કૃપા કરી એની ખાતરી કરી લો કે, તમારા ઑર્ગેનિગ કચરામાંથી તમારી રીસાઇક્લિંગ વસ્તુઓ અલગ કાઢી લીધેલી છે. તમારી પ્રૉપર્ટી પર સહી કરેલી છે તેની ખાતરી કરો અથવા તમારા સુપરિન્ટેન્ડન્ટને જરૂરી માહિતી અંગે પૂછો. તમારા કચરાને તમારી બિલ્ડિંગમાં યોગ્ય નિકાસ સ્થળે અથવા કન્ટેઇનરમાં અથવા તો તમારી બિલ્ડિંગમાં બહારના ડમ્પ્સ્ટર્સ (કચરો ઢાલવાની જગ્યા) ખાતે નાખો.

કૃપા કરી તમારી ભાગીદારી નોંધાવો અને:

- તમામ કચરાને નાની પ્લાસ્ટિક બૅગમાં બાંધો.
- બિલાડીનો કચરો અને ડાયપર્સને ડબલ (બેવડી) બૅગમાં વિંટાળી બીજા ઑર્ગેનિક કચરા સાથે રાખો.
- **કચરાનાં સ્થળે ગ્લાસ (કાચ), ઍરોસૉલ કેન, અથવા મોટી વસ્તુઓને નાંખવાનું ટાળો**. આ વસ્તુઓનો ક્યાં નિકાલ કરવો તે અંગે તમારા સુપરિન્ટેન્ડન્ટને પૂછો.
- ફર્નિચર અથવા અન્ય મોટી વસ્તુઓ કચરા તરીકે ક્યાં લાવવી તે વિશે તમારા સુપરિન્ટેન્ડન્ટને પૂછો.

## 16.**જીવાત નિયંત્રણ (પૅસ્ટ કન્ટ્રોલ)**

કમનસીબે, વંદો, માંકડ, ઉંદર કે અન્ય જંતુઓ કેટલીક વખત ઘરમાં પ્રવેશી શકે છે. અસ્તવ્યસ્ત અથવા ભીડભાડવાળી જગ્યાઓમાં આનું નિયંત્રણ કરવું મુશ્કેલ છે.
તમે તમારી પ્રૉપર્ટી પર પેસ્ટ કન્ટ્રોલ કરાવવા અમારી મદદ લઈ શકો છો.

- તમારા યૂનિટને સ્વચ્છ અને સુઘડ રાખો.
- કબૂતર, ખિસકોલીઓ કે રખડતા પ્રાણીઓને ખવડાવો નહિ. તેનાથી અન્ય જીવાતનો ઉપદ્રવ થાય છે.
- અન્યોએ ફેંકી દીધેલું ફર્નિચર ઉઠાવવું નહિ, એ જીવાતવાળું હોઈ શકે છે.
- હૉલવેઝ અથવા ફ્લોર પરના નિકાસ રૂમમાં કોઈ કચરો ફેંકો નહિ, કારણકે આનાથી રોગનો ઉપદ્રવ થઈ શકે છે. એની ખાતરી કરી લો કે તમામ કચરો કચરાનાં પાત્રમાં જ હોય અને હેચ, સંપૂર્ણપણે બંધ હોય. જે મોટી વસ્તુઓ કચરાનાં સ્થળે મૂકી શકાય તેવી ના હોય તેને વિશાળ કચરાના સ્થળમાં લાવવી જોઈએ.

ટોરન્ટો સાથે ઉત્તર અમેરિકામાંનાં ઘણાં શહેરોમાં માંકડની સમસ્યાઓ છે. ઉપદ્રવવાળા યૂનિટનો તરત જ ઉપચાર કરી માંકડને નિયંત્રણમાં લાવવાનો એક માત્ર જ રસ્તો છે. બિન-રાસાયણિક ઉપચારનો વિકલ્પ પણ ઉપલબ્ધ છે.

જો તમારે જીવાતનાં ઉપદ્રવવાળું ફર્નિચર કે મેટ્રેસને ફેંકવા હોય તો, તમારા સુપરિન્ટેન્ડન્ટને આ વસ્તુઓને તમારા યૂનિટની બહાર લઈ જતાં પહેલાં લપેટવા માટે પ્લાસ્ટિક વિશે પૂછો. હૉલવેઝમાં કંઈ પણ ક્યારેય ન છોડો.

---

**અગત્યનું: જીવાત અંગેની જાણ તમારા સુપરિન્ટેન્ડન્ટને રિપોર્ટ કરો અથવા Client Care Centre પર કૉલ કરો. જીવાત નિયંત્રણ કે ઉપચાર માટેનો કોઈ ચાર્જ નથી, સિવાય કે તમે, તમારા યૂનિટને તૈયાર કરવામાં નિષ્ફળ જાવ અથવા તમે કૉન્ટ્રેક્ટરને અંદર આપવા ન દો.**

---

યૂનિટને ટ્રિટમેન્ટ (ઉપચાર) માટે કઈ રીતે તૈયાર કરવું એ વિશે તમને સૂચનાઓ મળશે.

## 17.વાર્ષિક યૂનિટ નિરીક્ષણ

દર વર્ષે એક વખત, તમારા સુપરિન્ટેન્ડન્ટ તમારા યૂનિટનું નિરીક્ષણ કરશે અને ખાતરી કરશે:

1. તમારા યૂનિટનું સ્મોક અલાર્મ (અને કાર્બન મોનોક્સાઈડ અલાર્મ, જો લાગુ પડતું હોય તો) કામ કરે છે.
2. બારીનાં કાચ તુટેલા નથી અને બારીનાં લૉક યથાવત છે અને તેની સાથે છેડછાડ કરવામાં નથી આવી.
3. ઉપકરણો સાફ અને કાર્યરત છે.
4. વધારે પડતો નકામી વસ્તુઓનો ભરાવો નથી કે આગનું જોખમ નથી.
5. કોઈ મોટ સમારકામની જરૂર નથી.

યૂનિટનું વાર્ષિક નિરીક્ષણ એ, મોટાભાગના સમારકામની જરૂરિયાતો અને મ્યૂનિસિપલ લાયસન્સિંગ ધોરણ મુજબ તેનું અનુસરણ થાય તે અંગે તપાસ કરવાનો સમય છે. ઉદાહરણ તરીકે, તમે ટાઉન હાઉસમાં રહો છો, યૂનિટમાં વાર્ષિક નિરીક્ષણ દરમ્યાન, સ્ટાફ એની ખાતરી કરશે કે બેઝમેન્ટ (ભોંયરા)માં કોઈ સુધારાવધારા કે ફેરફારો કરવામાં આવ્યા નથી.

દર મહીને, Toronto Community Housing સ્ટાફ તમારી બિલ્ડિંગના સામાન્ય વિસ્તારમાં સામાન્ય સુરક્ષા પદ્ધતિ અને ફાયર અલાર્મની તપાસ કરશે.

## 18.તમારા યૂનિટ સુધીની પહોંચ




તમારું યૂનિટ તમારું ઘર છે અને અમે આ બાબતનો આદર કરીએ છીએ. તથાપિ, એવો પણ સમય આવી શકે છે જ્યારે Toronto Community Housing અથવા Property Management સ્ટાફ અને કૉન્ટ્રેક્ટરોને અંદર આવવાની જરૂરિયાત પડી શકે. કટોકટી વખતે, સમારકામ વેળાએ, તમારા યૂનિટમાં નિરીક્ષણ માટે અથવા તો તમે ઘર છોડી જઈ રહ્યા હો તો નવા ભાડૂતને મળવા માટે, તેમને તમારા યૂનિટમાં પ્રવેશ કરવાની જરૂરત પડી શકે છે. *Residential Tenancies Act* મુજબ, તમારા યૂનિટમાં પ્રવેશ લેતા પહેલાં અમે તમને ઓછામાં ઓછી 24 કલાકની લેખિત નોટિસ આપીશું–સિવાય કે કટોકટીનો સમય હોય.

## 19.સુલભ રહેઠાણ



Toronto Community Housing, શારીરિક રીતે અક્ષમ હોય તેવા રહેવાસીઓનાં વસવાટ માટે યૂનિટને અપગ્રેડ કરી આપે છે (ઉદાહરણ તરીકે, ગ્રેબ બાર્સ બેસાડીને, દરવાજા પહોળા કરાવીને, વગેરે) અને બિલ્ડિંગના સામાન્ય વિસ્તારો અને કેટલાક કિસ્સાઓમાં વધારે અનુકૂળ યૂનિટમાં સ્થળાંતર કરાવીને. આ મદદને કઈ રીતે મેળવી શકાય એ અંગે વધુ માહિતી મેળવવા, તમારા Tenant Services Coordinator અથવા Property Administratorને, સુલભ રહેઠાણ અરજીનું જરૂરી પેપરવર્ક પુરૂં કરી આ અંગે જણાવો.

# સામાન્ય વિસ્તારો

## સામાન્ય વિસ્તારો અંગે માહિતી



1. **સામાન્ય વિસ્તારોમાં ધૂમ્રપાન નિષેધ**

ઑન્ટારિયોમાં, બિલ્ડિંગ અપાર્ટમેન્ટના સામાન્ય વિસ્તારમાં ધૂમ્રપાન કરવું કાયદા વિરુદ્ધ છે. સામાન્ય વિસ્તારમાં, એલિવેટર્સ (લિફ્ટ), સ્ટેરવેલ્સ, હૉલવેઝ, પાર્કિંગ ગૅરાજ, લૉન્ડ્રી રૂમો, લૉબિઓ, જીમ, કચરા અથવા રીસાઇક્લિંગ રૂમો, અને પાર્ટી અથવા મનોરંજન રૂમોનો સમાવેશ થાય છે. જો તમે કે તમારા ઘરની કોઈ વ્યક્તિ, આ સામાન્ય વિસ્તારમાં ધૂમ્રપાન કરતા પકડાય તો, તમારે City of Toronto તરફથી $5,000 સુધીના દંડની ચુકવણી કરવી પડશે.

---

અગત્યનું: **ટોરોન્ટોમાં કોઈ પણ વ્યક્તિ નવ મીટર સુધી જાહેર બિલ્ડિંગોમાં એક્ઝિટ (નિકાસ) કે એન્ટ્રન્સ (પ્રવેશ) (30 પગથિયા જેટલા કે નાની બસ જેટલી લંબાઈમાં)માં ધૂમ્રપાન કરે તો એ કાયદાની વિરુદ્ધ છે. આમાં તમામ Toronto Community Housing અપાર્ટમેન્ટ બિલ્ડિંગ અને ઑફિસનો સમાવેશ થાય છે.**

---

જો તમે તમારા યૂનિટમાં જ ધૂમ્રપાન કરી રહ્યા છો તો યૂનિટમાં દરવાજાને બંધ રાખો જેથી ધુમાડો હૉલવેમાં ના જાય. જો તમે તમારી બૅલ્કનિ (ગૅલરી)માં ધૂમ્રપાન કરો, તો એની ખાતરી કરી લો કે તમારા પડોશીને બીજાનાં ધૂમ્રપાનના ધુમાડાથી અસર તો થતી નથી. બૅલ્કનિમાંથી સિગરેટનાં ઠૂંઠાને ક્યારેય ફેંકો નહિ. આવું કરવા બદલ તમને દંડ થઈ શકે છે.

2. **સહિયારી હવા**

હેર જેલ, સાબુ, પરફ્યૂમ, અને લોશન રસાયણો અને સુગંધ ધરાવે છે, આવા ઉત્પાદનોથી અન્યની તંદુરસ્તી પર અસર પડી શકે છે, અને તેમને માંદા કરી શકે છે. સામાન્ય હૉલવેઝમાં એરોસૉલ સ્પ્રે અથવા પાવડરનો ક્યારેય ઉપયોગ ન કરવો. કૃપા કરી અન્ય સામાન્ય વિસ્તારમાં “સુગંધરહિત” ઉત્પાદનો વાપરવાનું રાખો. તમારી પસંદગી તમારા પડોશીઓને અસર પહોંચાડી શકે છે.

3. **લૉન્ડ્રી રૂમો**

મોટા ભાગના Toronto Community Housing બિલ્ડિંગોમાં કૉઈન કે કાર્ડ દ્વારા સંચાલિત વૉશરો અને ડ્રાયરવાળા લૉન્ડ્રી રૂમ હોય છે. કલાકો અને કિંમતો દરેક લૉન્ડ્રી રૂમમાં લગાડેલા હોય છે. જો તમને લાગે છે કે મશીન કામ કરતું નથી અથવા તમારા કૉઈન મશીનમાં જ રહી ગયા છે, તો તમારી લૉન્ડ્રી રૂમમાં લગાડેલા નંબર પર ફોન કરો.

4. **મનોરંજન રૂમો**

ઘણા Toronto Community Housing બિલ્ડિંગોમાં મનોરંજન રૂમ, મીટિંગ રૂમ અને જીમ હોય છે. રહેવાસીઓ અને રહેવાસીઓના જૂથો આ રૂમોને મીટિંગો, પાર્ટી અથવા બીજા પ્રસંગો માટે બુક કરી શકે છે. ફી ચાર્જ કરવામાં આવી શકે છે અને વીમાની જરૂરિયાત રહી શકે છે.

જગ્યા (સ્પેસ) બુક કઈ રીતે કરવી તે અંગે Non-Residential Space Use Policy (રહેવાસ ન હોય તે જગ્યાના વાપરાશની નીતિ) વાંચો. આ દસ્તાવેજાની નકલ મેળવવા માટે:

- www.torontohousing.ca **તપાસો**, અથવા
- Operating Unit અથવા Property Management Officeની મુલાકાત લો, અથવા
- **Client Care Centre** પર કૉલ કરો, અથવા
- **help@torontohousing.ca** પર ઈમેઇલ કરો.

5. **હૉલવેઝ**

Toronto Community Housing બિલ્ડિંગોનાં તમામ હૉલવેઝ ફર્નિચર, ગાલીચાઓ (જો Toronto Community Housing દ્વારા સ્થાપિત ન હોય તો), સ્કૂટર, સાઇકલ, સ્ટ્રોલરો, વૉકર કે બીજા કોઈ પણ તમે કચરામાં ફેંકી દીધેલી વસ્તુઓથી મુક્ત રહેવા જોઈએ. તમારા ઘરનાં કચરાને તેમ જ મોટી કચરાની વસ્તુઓને તમારી પ્રૉપર્ટીનાં નિર્ધારિત કરેલા વિસ્તારમાં મૂકો.

જો તમારે, જૂના ફર્નિચરને અને મોટી વસ્તુઓને ક્યાં અને કેવી રીતે ફેંકવી તે અંગે પ્રશ્નો હોય તો:

- તમારા સુપરિન્ટેન્ડન્ટને પૂછો, અથવા
- **Client Care Centre**ને કૉલ કરો. હૉલવેઝમાં વસ્તુઓને ક્યારેય ન છોડો. આનાથી આગનું જોખમ થઈ શકે છે.

6. **બહારની જગ્યાઓ**

બહારની જગ્યાઓ જેવી કે ખાનગી રહેઠાણ જગ્યાઓ ઉદાહરણ તરીકે, વરંડા વગેરેનો યોગ્ય અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરવા માટે રહેવાસીઓનું સ્વાગત છે. આ પ્રમાણે કરવાથી સુરક્ષા જળવાઈ રહે છે અને દરેકને તેમનાં સમુદાયની બહાર આનંદ માણવાની છૂટ અને મદદ મળી રહે છે.

જો તમે સામાન્ય બહારની જગ્યામાં કોઈ પ્રસંગ આયોજિત કરવા માંગો તો, તમારે સ્ટાફ પાસેથી મંજૂરી મેળવવાની રહેશે અને ઘોંઘાટ પ્રતિબંધ પર અમલ કરવાનો રહેશે. તમારી જગ્યા કે પ્રસંગને બુક કરાવવા માટે તમારા સુપરિન્ટન્ડન્ટનો સંપર્ક કરો. જો તમારા અન્ય કોઈ પ્રશ્નો હોય તો તમારા Operating Unit અથવા Property Management officeનાં સ્ટાફ સાથે વાત કરો.

*આઉટડોર પાર્ટીઝ(બહાર ખુલ્લી જગ્યામાં પાર્ટીઓ)*

રહેવાસીઓ તેમના વરંડાની (બૅકયાર્ડ) અંદર પ્રાઇવેટ (પોતાની) પાર્ટીઝ આયોજિત કરી શકે છે. તમારા મહેમાનો અને મુલાકાતીઓના વર્તન માટે તમે જવાબદાર રહો છો. યાદ રાખો, તમારે તમારી વરંડાની જગ્યાનો જ ઉપયોગ કરવાનો રહેશે અને તમારા પડોશીઓની ઘોંઘાટ અંગેની અને સ્વચ્છતા અંગેની અપેક્ષાઓને સંતોષવાની રહેશે.

જો તમે સામાન્ય વિસ્તારોમાં આઉટડોર બાર્બિક્યૂ અથવા સામાજિક મેળાવડો યોજવાનું વિચારી રહ્યા હોવ તો, તમારે સ્થાનિક સ્ટાફની મંજૂરી મેળવવાની ફરજીયાત રહેશે. Toronto Community Housingની Non-Residential Space Use Policyમાં આની માહિતી તમે મેળવી શકો છો.

બિન સત્તાવાર પ્રસંગ માટે કોઈ પણ સામાન્ય વિસ્તારોમાં મંજૂરી મળી શકશે નહિ. જો તમને તમારા સમુદાયમાંના, કોઈ બિન-સત્તાવાર પ્રસંગથી અસર પડી રહી હોય તો, **Community Safety Unit**ના **416-921-2323** પર તમારી ચિંતા અંગે જણાવો.

7. **બહારની પગદંડી અને સ્વિમિંગ પૂલો**

જો તમારી પાસે આઉટડોર સ્વિમિંગ પૂલ અથવા તમારી આઉટડોર જગ્યામાં બાળકોનો પૂલ હોય અને જો એ 24 ઇંચ કે તેનાથી ઊંડો હોય તો, પૂલને ઘેરતી દિવાલ (એનક્લોઝર) હોવી જ જોઈએ. આ City of Torontoનો પેટાકાનૂન છે. વધુ માહિતી માટે, **311** પર કૉલ કરો.

## ૪. **પાર્કિંગ**

ભાડૂત પાર્કિંગ માટે ઉપયુક્ત થવા માટે:

- Toronto Community Housingના ઉત્તમ ભાડાના માનક મુજબ પરિવાર હોવું જોઈએ.
- જેના નામે લીઝ હોય તે ઘરના સદસ્યના નામે વાહનની માલિકીની નોંધણી થયેલી હોવી ફરજિયાત છે. જ્યાં પરિવારના સદસ્ય રહેતા હોય તેનું સરનામું Toronto Community Housing યૂનિટનું જ હોવું જરૂરી છે.
- લાયસન્સ પ્લેટ સ્ટિકર, માન્ય અને અદ્યતન હોવું જરૂરી છે.

પાર્કિંગ સ્પોટને ભાડા પર લેવા, તમારે તમારા Operating Unit અથવા Property Management Officeના કામના કલાકો દરમ્યાન જવું પડશે અને ત્યાં પાર્કિંગ અંગેની મંજૂરી માટે નોંધણી કરાવવી જરૂરી પડશે.

પરિવારનાં સદસ્યે ફરજિયાત:

- Tenant Vehicle Parking Terms and Conditions (ભાડૂત વાહન પાર્કિંગ નિયમો અને શરતો), વાંચવી અને અનુસરવી પડશે.
- Tenant Vehicle Parking Registration Form (ભાડૂત વાહન પાર્કિંગ રજિસ્ટ્રેશન ફોર્મ)ને ભરવું પડશે અને સહી કરવી પડશે.
- નોંધણી વખતે, વાહનની માલિકી તેમ જ વીમા અંગેના પુરાવાઓ દર્શાવવાનાં રહેશે.

તમારી પ્રૉપર્ટીની મુલાકાત લેવા આવેલી કોઈ પણ વ્યક્તિ તેમ જ Toronto Community Housing પ્રૉપર્ટીની મુલાકત લેતા રહેવાસીએ જેમની પાર્ક માટેની નોંધણી થઈ નથી, તે તમામ માટે મુલાકાતીઓ માટેનું પાર્કિંગ ઉપલબ્ધ છે. વિઝિટર પાર્કિંગ લૉટ્સ બે પ્રકારનાં છે:

- **ચૂકવો-અને-પ્રદર્શન (પે-ઍન્ડ-ડિસ્પ્લે) પાર્કિંગ લૉટ્સ**: આ લૉટ્સમાં પાર્ક કરવામાં આવતા વાહનને ચૂકવો-અને-પ્રદર્શન ટિકિટ ખરીદવી પડશે અને ડિસ્પ્લે સૂચનાઓને અનુસરવી પડશે.
- **બિન-ચૂકવો-અને-પ્રદર્શન પાર્કિંગ લૉટ્સ**: આ લૉટ્સમાં પાર્ક કરાતા વાહનોએ પૂરી કરેલી વિઝિટર્સ પાર્કિંગ પરમિટ બતાવવાની રહેશે. મંજૂરીની પાછળ દર્શાવવેલી સૂચનાઓને ફરજિયાત અનુસરવાની રહેશે અને ચોક્કસ સ્થાન પરનાં ચિહ્નોનું પણ અનુસરણ કરવાનું રહેશે.

વિઝિટર પાર્કિંગ ઉપલબ્ધ છે કે નહિ, તે અંગે તમે તમારા સુપરિન્ટન્ડન્ટને પૂછી શકો છો. તમે પછી તમારા Operating Unit અથવા Property Management Office અથવા સુપરિન્ટન્ડન્ટને વિઝિટર પાર્કિંગ પરમિટ માટે વિનંતી કરી શકો છો. એક પરિવારને પ્રતિ માસ, નવ વિઝિટર પાર્કિંગ પરમિટ મળી શકે છે.

તમે ઑનલાઇન દ્વારા **www.torontohousing.ca/parking_toronto_community_housing** પર વધુ માહિતી મેળવી શકો છો.

પાર્કિંગ અંગેના ઉલ્લંઘન વિશે જાણ કરવા Toronto Community Housing ના, Community Safety Unit (સામુદાયિક સુરક્ષા યૂનિટ)ને **416-921-2323** પર કૉલ કરો.

Toronto Community Housingના તમામ અધિકારીઓ City of Toronto પાર્કિંગ ટિકિટ અંગે લખવા માટે સત્તા ધરાવે છે. તેઓ, Toronto Community Housing પ્રૉપર્ટીમાંથી અનધિકૃત રીતે પાર્ક કરેલી કારને, ઉઠાવી શકે છે. જો તમે પાર્કિંગ ટિકિટ લો છો તો, દંડ ચુકવણી અને તકરાર અંગે, ટિકિટની પાછળ આપેલા વિકલ્પોને વાંચો અને અનુસરો (ટ્રાયલ વિકલ્પ 3 જુઓ).

# તમારી ભાડૂત માર્ગદર્શિકા તમને કેવી લાગે છે, તે વિશે અમને કહો.

## તમારી મોજણી આજે મોકલી આપો!

ભાડૂત માર્ગદર્શિકા અંગે તમે શું વિચારો છો, તે વિશે જાણવાનું અમને ખૂબ ગમશે. તમારા અભિપ્રાયનો પ્રભાવ પડે છે!

તમામ પ્રતિભાવો અત્યંત ગુપ્ત રહેશે. આ પાનાંની પાછળ મોજણીને કૃપા કરી ભરો. (ભાગીદારી માટે તમે 18 વર્ષ કે તેથી વધુ ઉંમરનાં હોવ તે જરૂરી છે.)

**જો તમે તમારી મોજણી જૂન 30, 2015 સુધીમાં સંપૂર્ણ ભરી સોંપી દો તો, તમે રેન્ડમ (અવ્યવસ્થિત) ડ્રોમાં પ્રવેશ મેળવી શકશો અને લાઈટ સાથેની વ્હિસલ કીટૅગ (whistle keytag) પ્રાપ્ત કરી શકો છો.**
**જીતવા માટે અહીં 100 કીટૅગ્સ છે!**



મોજણી માટેની અમારી ત્રણ રીતો છે:

1. www.torontohousing.ca/tenant_guide_survey પર મુલાકાત લો અથવા
2. પાછળ આપેલી મોજણીને સંપૂર્ણ ભરી, પાનાંને ફાડી, અડધું વાળીને, તમારા સુપરિન્ટન્ડન્ટને આપી દો, જે એને બંધ પરબીડીયામાં મૂકી દેશે. (જો તમે ઈચ્છો તો, જાતે પણ બંધ પરબીડીયામાં મૂકી શકો છો.) અથવા
3. પાછળ આપેલી, સંપૂર્ણ મોજણી ભરીને પાનાંને ફાડીને તમે એને મેઈલ પણ કરી શકો છો:

   **ભાડૂત માર્ગદર્શિકા મોજણી (Tenant Guide Survey)**

   **Toronto Community Housing**
   **931 Yonge Street, 7th floor**
   **Toronto, ON M4W 2H2**

લાઈટ સાથેના કીટેંગ ડ્રોમાં પ્રવેશ મેળવવા માટે, તમારે નીચે, સંપૂર્ણ મેઈલિંગ એડ્રેસ (ટપાલનું સરનામું) જણાવવું જ પડશે. (તમારા મોજણીનાં પ્રતિભાવો હજી પણ ગુપ્ત જ રહેશે.

---

___

**એકંદરે, તમે આ ભાડૂત માર્ગદર્શિકાને કેટલા ક્રમાંક આપી શકશો?**

- ☐ અતિ ઉત્તમ
- ☐ ખૂબ જ સારી
- ☐ સારી
- ☐ ઠીકઠાક
- ☐ નબળી
- ☐ ખૂબ નબળી

**તમે ભાડૂત માર્ગદર્શિકા વિશે કેવી રીતે જાણકારી મેળવી?** (તમામ લાગુ પડતું હોય તેની તપાસ કરો)

- ☐ પડોશી
- ☐ Toronto Community Housing કર્મચારી
- ☐ મારા બિલ્ડિંગ / સમુદાયમાં પોસ્ટર
- ☐ કમ્યૂનિટી એજન્સી
- ☐ બિલ્ડિંગ મીટિંગ અથવા સામુદાયિક મીટિંગ ખાતે
- ☐ અન્ય. કૃપા કરી આમાં લખો:
- ☐ યાદ નથી

**તમે જે જાણવા માંગતા હતા તે માહિતી, આ ભાડૂત માર્ગદર્શિકામાંથી શોધવાનું તમારા માટે કેટલું સરળ રહ્યું હતું?**

- ☐ ખૂબ જ સરળ
- ☐ થોડું ઘણું સરળ
- ☐ થોડું ઘણું મુશ્કેલ
- ☐ ખૂબ જ મુશ્કેલ
- ☐ હું જે જાણવા માંગતો હતો/હતી તે માહિતી મને ભાડૂત માર્ગદર્શિકામાંથી મળી નહિ
- ☐ મારે કોઈ ખાસ માહિતી જાણવી નહોતી

**ભાડૂત માર્ગદર્શિકામાંથી માહિતીને સમજવાની કેટલી સરળ રહી?**

- ☐ ખૂબ જ સરળ
- ☐ થોડી ઘણી સરળ
- ☐ થોડી ઘણી મુશ્કેલ
- ☐ ખૂબ જ મુશ્કેલ

**તમે Toronto Community Housingનાં રહેવાસી કેટલા સમયથી છો?**

- ☐ 2 વર્ષથી ઓછા સમયથી
- ☐ 3 થી 5 વર્ષો
- ☐ 6 થી 10 વર્ષો
- ☐ 10થી વધુ વર્ષો

**તમને આ ભાડૂત માર્ગદર્શિકા વિશે સૌથી વધારે શું સારું લાગ્યું?**

______________________________________________________________________________

**ભાડૂત માર્ગદર્શિકાની ભવિષ્યની આવનારી આવૃત્તિ (વર્ઝન) માટે તમને તેમાં કઈ માહિતી ઉમેરેલી જોવાની ગમશે?**

______________________________________________________________________________

*મોજણી પૂરી કરવા માટે તમારો આભાર!*

# તમારો ભોગવટો

## તમારું ભાડું

પ્રત્યેક મહિનાના, પ્રથમ દિવસે તમારું ભાડું ચૂકવવાનું રહેશે.

## ભાડાનો પ્રકાર

Toronto Community Housing ખાતે ત્રણ પ્રકારનાં ભાડા ઉપલબ્ધ છે.

1. **આવક અનુસાર ભાડું [Rent-geared-to-income (RGI)]**

સબ્સિડાઇઝ્ડ હાઉસિંગ માટે આ પ્રકારનું ભાડું ચૂકવવામાં આવે છે. આ મોટા ભાગે, પરિવારની મહિનાની કુલ આવકનાં (કપાત પહેલાં આવક) 30 ટકા જેટલી હોય છે. ઑન્ટારિયોમાં સોશિયલ હાઉસિંગ માટેનાં નિયમો હેઠળ, ચૂકાવાતી રકમની દર વર્ષે સમીક્ષા કરવામાં આવશે. તથાપિ, જો તમે રેન્ટ-ગિઅર્ડ-ટુ-ઇનકમ (આવક અનુસાર ભાડું) હેઠળ ચૂકવો છો અને તમારી આવક વર્ષમાં ગમે ત્યારે બદલાય છે, તો તમારે Toronto Community Housing ને 30 દિવસની અંદર આ ફેરફારની જાણ કરવાની રહેશે.

જો થોડીક અથવા તમારી સમગ્ર આવક, Ontario Works અને Ontario Disability Support Program હેઠળ મળે છે અને તમે આવક અનુસાર ભાડું ચૂકવો છો, તો તમારા ભાડાની ગણતરી, માપના પ્રમાણ મુજબ કરવામાં આવશે. હજીએ તમે તમારી આવકનાં ફેરફાર અંગે Toronto Community Housingને 30 દિવસની અંદર જણાવવા માટે બંધાયેલા રહો છો.

2. **પરવડે તેવું ભાડું**

આ પ્રકારનું ભાડું, માર્કેટનાં સરેરાશ ભાડા જેટલું કે તેથી ઓછું નક્કી કરવામાં આવે છે. યોગ્યતા પ્રાપ્ત કરવા માટે, અરજી કરનાર પરિવારની વાર્ષિક કુલ આવક, તમે જેના માટે અરજી કરી રહ્યા છો તે યૂનિટનાં વાર્ષિક ભાડાનાં ચાર ગણાં કરતાં વધારે હોવી નહીં જોઈએ.

3. **માર્કેટમાં ભાડું**

ખાનગી મકાનમાલિક દ્વારા આ વિસ્તારમાં લેવામાં આવતા ભાડાં કરતાં થોડુંક ઓછું અથવા એટલું જ.

જો તમે માર્કેટ ભાડું ભરતા હોવ અને આવક અનુસાર ભાડું માટે અરજી કરવા માંગતા હોવ, તો તમારે Housing Connections (હાઉસિંગ કનેક્શન્સ)માં અરજી કરવી જ પડશે. તમે નીચેમાંથી એક કરી શકો છો:

- તમે તેમની 176 Elm Street પર મુલાકાત લઈ શકો છો.
- તમે **416-981-6111** પર કૉલ કરી શકો છો.
- તમે **www.housingconnections.ca** પર ઑનલાઇન માહિતી મેળવી શકો છો.

---

**કૃપા કરી નોંધ લો:** અહીં પ્રતીક્ષા સૂચિ હોય છે અને તમને આવક અનુસાર ભાડું (રેન્ટ-ગિઅર્ડ-ટુ-ઈન્કમ) સબ્સિડી મેળવતાં ઘણાં વર્ષો લાગી શકે છે.
તમારા કુલ ભાડામાં પાર્કિંગ અથવા સગવડો (યુટિલિટિઝ) જેવી બાબતોને પણ આવરી લઈ શકાય છે.

---

## તમારા ચુકવણી વિકલ્પો

રહેવાસીઓ તેમનું ભાડું નીચેની ત્રણમાંથી ગમે તે એક રીતે ચૂકવી શકે છે:

1. **પૂર્વ-અધિકૃત ચુકવણી (PAP)**

તમારું ભાડું હંમેશા સમયસર ચુકવાય તે માટેની ખાતરી આપતી આ એક સરળ રીત છે. પ્રિ-ઑથોરાઇઝ્ડ ભાડા ચુકવણી માટે, તમારી બૅંક તમારા ખાતામાંથી સીધું જ Toronto Community Housing ને દર મહિને તમારા ભાડાની ચુકવણી કરી દેશે. જ્યારે તમે તમારી લીઝ માટે સહી કરો છો ત્યારે તમારે આ પ્રકારની ચુકવણી અંગેનું ફૉર્મ ભરવાનું રહેશે. જો તમારે અન્ય ફૉર્મની જરૂર હોય, તો કૃપા કરી તમારા Operating Unit અથવા Property Management officeની મુલાકાત લો અથવા Client Care Centreને કૉલ કરો.

પ્રત્યેક મહિનાના પહેલા દિવસે જો તમારા ખાતામાં પૂરતું ભંડોળ નહીં હોય તો, તમારી બૅંક અને Toronto Community Housing બંને તમને ફી ચાર્જ કરશે.

2. **સ્થાનિક બૅંક, ક્રેડિટ યૂનિયન, ટ્રસ્ટ અથવા ચેક કૅશિંગ કંપની ચુકવણી**

તમે, તમારી સ્થાનિક બૅંક, ક્રેડિટ યૂનિયન, ટ્રસ્ટ કંપની અથવા ચેક કૅશિંગ કંપની દ્વારા પણ ભાડું ચુકવી શકો છો. જો તમે, તમારું ભાડું આ રીતે ચુકવવા માંગો છો તો તમારા Tenant Services Coordinator (ભાડૂત સેવાઓ સહયોજક) અથવા Property Administrator (મિલકત વહીવટકર્તા)ને ચુકવણી રસીદ (પેમેન્ટ સ્લિપ) અંગે પૂછો. આ સ્લિપો અમે તમને વર્ષમાં એક વખત મોકલીશું. તમારી બૅંક, ક્રેડિટ યૂનિયન, ટ્રસ્ટ કંપની અથવા ચેક કૅશિંગ કંપની પાસે તમે પેમેન્ટ સ્લિપ લઈ જઈ તમારું ભાડું રોકડ, ચેક કે મનીઑર્ડર, અથવા બૅંક મશીન દ્વારા ચૂકવી શકો છો.

### 3. ફોન અથવા ઑનલાઇન બૅંકિંગ ચુકવણી

તમે, તમારા ભાડાને ફોન અથવા ઑનલાઇન બૅંકિંગ દ્વારા પણ ચૂકવી શકો છો. તમારી બૅંક, ક્રેડિટ યૂનિયન અથવા ટ્રસ્ટ કંપનીમાં કોઈની સાથે વાત કરી, આ કેવી રીતે કરવું તેની જાણકારી મેળવો.

---

**અગત્યનું:**જો તમને લાગે છે કે તમારે ભાડાની ચુકવણીમાં ચૂક થઈ જશે અથવા મોડું થઈ જશે તો, અમને કૉલ કરો.

---

અમે તમારા મકાનને જાળવી રાખવામાં તમારી મદદ કરવા માંગીએ છીએ. જો તમે ભાડાની ચુકવણી ચૂકી જાવ તો, તમારે બાકી દેણાં (એરિઅર્સ) આપવા પડશે. જો તમારું ભાડું આવક અનુસાર છે, તો તમને સબ્સિડી ગુમાવવાનું જોખમ રહે છે. જો તમે હૉસ્પિટલમાં હોવ કે તમારી કોઈ વ્યક્તિગત કટોકટી (પર્સનલ ઈમરજન્સી) હોય તો, તમારી મદદ માટે અમે ખાસ વ્યવસ્થા કરી શકીએ છીએ.

તમારા **Client Care Centre**ને કૉલ કરો જેથી તમારા Tenant Services Coordinator અથવા Property Administratorને જાણ થાય. અમે પુનઃ ચુકવણી યોજના માટે તમારી સાથે મળીને કામ કરીશું.

## તમારી લીઝ

### 1. તમારી આવક વિશેનો ફેરફાર નોંધાવવો

City of Toronto અને Province of Ontario આવક અનુસાર ભાડા સબ્સિડી અંગેનાં નિયમો નક્કી કરશે. જો તમારી આવક ફેરફાર થાય છે, તો તમારે આ ફેરફારની 30 દિવસની અંદર, લેખિતમાં અથવા વ્યક્તિગત રીતે તમારા Tenant Services Coordinator અથવા Property Administratorને જાણકારી આપવી પડશે. જો તમે તમારી આવકના ફેરફાર અંગે જણાવો નહીં તો, તમને પાછલા ભાડા માટે ચાર્જ કરવામાં આવી શકે છે અને/અથવા તમારી આવક અનુસાર ભાડા સબ્સિડીને તમે ગુમાવી શકો છો. પછી તમારું ભાડું, માર્કેટ ભાડાં કરતાં વધી શકે છે અને તમારે કબજો છોડાવવાનો સામનો પણ કરવો પડી શકે છે. જો તમને આવકમાં ફેરફાર રિપોર્ટ કરવા અંગે પ્રશ્નો હોય તો, તમારા Tenant Services Coordinator અથવા Property Administratorને તે અંગે વાત કરો.

**તમે અથવા તમારા ઘરમાં કોઈ સદસ્ય આ વર્ષે 65 વર્ષની ઉંમરના થવાના છે?**

તમે અથવા તમારા ઘરના સભ્ય 65 વર્ષના થાઓ ત્યારે, તે તમારી ઘર માટેની વાર્ષિક આવક પર અસર કરી શકે છે અને તેની દર મહિને કરવાની તમારા ભાડાની ચુકવણી પર પણ અસર કરી શકે છે.

જો તમે અન્ય દેશનું પેન્શન મેળવતા હોવ, તો તમારે Toronto Community Housingને આ આવકની જાણ કરવાની જરૂરિયાત રહે છે.

જો તમારે Canada Pension Plan અથવા Old Age Security અંગે પ્રશ્નો હોય તો, સંપર્ક માહિતી પાનાં 63 પર ઉપલબ્ધ છે.

## 2.વાર્ષિક ભાડું સમીક્ષા

જો તમે આવક અનુસાર ભાડું ચુકવણી પસંદ કરશો તો, અમે તમને વાર્ષિક રીતે એક વખત ભાડા સમીક્ષા પૅકેજ મોકલશું. પૅકેજમાં ફૉર્મ સામેલ હોય છે જેમાં તમારે તમારા ઘરના દરેક સદસ્યની આવકની જાણ કરવી આપવાની હોય છે. તમારે 30 દિવસની અંદર આ ફૉર્મ ભરીને પાછા આપવા જ જોઈએ. જો તમે આમ ન કરો તો, તમે આવક અનુસાર ભાડું ચુકવણી સબ્સિડી ગુમાવી શકો છો.

તમારા Operating Unit અથવા Property Management Officeની મુલાકાત લો અથવા જો તમારે આ ફૉર્મ ભરવા માટે મદદ જોઇતી હોય તો **Client Care Centre**પર મુલાકાત નક્કી કરવા માટે કૉલ કરો.

## 3. તમારી આવક અનુસાર ભાડું ચુકવણીમાં કોઈને ઉમેરવા અથવા દૂર કરવા શું કરવું જોઈએ

જો તમારા યુનિટમાંથી કોઈ બહાર જાય અથવા ઉમેરાય તો, તમારે 30 દિવસની અંદર, Toronto Community Housingને જાણ કરવી જ જોઈએ.

તમારા ઘરમાં કોઈને ઉમેરવા માટે:

1. Addition to Household Composition Request ફૉર્મ (પરિવારના કદમાં ઉમેરા માટે વિનંતી ફૉર્મ)ને સંપૂર્ણ કરો. તમે તમારા Operating Unit અથવા Property Management Officeની મુલાકાત લઈને અથવા **Client Care Centre**ને ફોન કરીને, અથવા **www.torontohousing.ca** પરથી એક નકલ મેળવી શકો છો.
2. બધા સહાયક દસ્તાવેજો સાથે જોડો.
3. તમારા Operating Unit અથવા Property Management Office પર માહિતી મોકલો અથવા મેળવો.

જો તમારી વિનંતી માન્ય રહે તો:

- તમારે નવી લીઝ પર સહી કરવાની જરૂરત પડી શકે છે.
- તમારા ભાડાની ફરીથી ગણતરી થશે જે તમારા નવા ઘર પરિવારની આવક પર આધારિત હશે.

- જો તમારા ઘરમાં ઉમેરાયેલ કોઈ વ્યક્તિ કેન્દ્રીય રાહ યાદી પર હતી તો, તેને અથવા તેણીને યાદીમાંથી દૂર કરવામાં આવશે.

કેટલીક શરતો છે જેમને કોઈ પણ વ્યક્તિ તમારા ઘરમાં ઉમેરાય તે પહેલાં પૂરી કરવી જ પડશે, તેમાં આનો સમાવેશ થાય છે:

- તે અથવા તેણી આવક અનુસાર ભાડાની સબ્સિડી માટે લાયક હોવા જ જોઈએ.
- જે પણ વ્યક્તિને ઉમેરવાની હોય તેણે (Toronto Municipal Code Property Standards વિભાગ) હેઠળ શહેરના ભોગવટાના ધોરણો પૂરા કરવા જ પડશે.
- તમારા અકાઉન્ટની છાપ સારી હોવી જોઈએ.

જો તમે તમારા ઘરની બહાર કોઈને મોકલવાના હો તો 30 દિવસની અંદર તમારે તમારી Tenant Services Coordinator અથવા Property Administratorનો સંપર્ક કરવો આવશ્યક છે. જો તે વ્યક્તિ તમારા લીઝ પર હતો/હતી, તો તેમણે લેખિતમાં આપવું પડશે કે તેઓ તમારા યૂનિટમાં કોઈ પણ અથવા બધા જ હિતસંબંધો છોડી દે છે. તમારે નવી લીઝ પર સહી કરવાની જરૂરત પડી શકે છે.

### 4. ડાઉનસાઈઝિંગ (વધુ પડતા માટે મોટા ઘર) કાર્યપદ્ધતિઓ

જો તમે તમારી પરિવારની જરૂરિયાત કરતાં વધુ મોટા યૂનિટમાં રહેતા હો, તો તમને Toronto Community Housingના આંતરિક ફેરબદલી (ટ્રાન્સ્ફર) યાદીમાં ઉમેરવામાં આવશે. સ્ટાફ તમારા પરિવારની જરૂરિયાત માટે યોગ્ય યૂનિટ શોધવા તમારી સાથે કામ કરશે. જો આ પ્રક્રિયામાં એક વર્ષ કરતાં વધુ સમય લાગે તો, તમારા ઘરને Housing Connections પર કેન્દ્રીય રાહ યાદીમાં ઉમેરવામાં આવશે. તમને પછી બીજા હાઉસિંગ પ્રોવાઇડર્સ સાથે ઓછામાં ઓછા પાંચ હાઉસિંગ વિકલ્પો પસંદ કરવા માટે કહેવામાં આવશે.

### 5. વિસ્તરેલ (વધુ પડતા માટે નાના ઘ) કાર્યપદ્ધતિઓ

જો તમે તમારી પરિવારની જરૂરિયાત કરતાં ખૂબ જ નાના યૂનિટમાં રહેતા હો, તો તમને Toronto Community Housingના આંતરિક બદલી (ટ્રાન્સ્ફર) યાદીમાં ઉમેરવા માટે પૂછવામાં આવી શકાય છે. જો તમારી પાસે જરૂરિયાત કરતાં બે કે તેથી વધુ શયનખંડ ઓછા હોય, તો તમને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

### 6. કેવી રીતે બીજા યૂનિટમાં ટ્રાન્સ્ફર માટે વિનંતી કરવી

તમે Tenant Transfer Policy અને Transfer Guideline (ટ્રાન્સફર માર્ગદર્શિકા) વાંચીને અન્ય Toronto Community Housing યૂનિટમાં ફેરબદલી માટે અરજી કરવાનું શીખી શકો છો. નીતિ અને માર્ગદર્શિકાની નકલ મેળવવા માટે:

- **www.torontohousing.ca** પર જાઓ, અથવા
- Operating Unit અથવા Property Management Officeની મુલાકાત લો, અથવા
- **Client Care Centre** પર કૉલ કરો.

તમે પસંદ કરેલી પ્રૉપર્ટી રાહ યાદીમાં તમારું નામ ઉમેરવા માટે તમારા Tenant Services Coordinator અથવા Property Administrator સાથે વાત કરો, અથવા તમારા Operating Unit અથવા Property Management Officeની મુલાકાત લો. ઘણા બિલ્ડિંગો માટે લાંબી પ્રતીક્ષા યાદીઓ હોય છે. કેટલાક કિસ્સાઓમાં કદાચ તમારે પાંચ થી 10 વર્ષ સુધી રાહ જોવી પડશે.

### 7. **Visitor and Guest Policy (મુલાકાતી અને અતિથિ નીતિ)**

મહેમાનો એક વર્ષમાં મહત્તમ 30 દિવસ માટે તમારી સાથે રહી શકે છે. આ સળંગ 30 દિવસ અથવા વર્ષમાં કુલ 30 દિવસ હોઈ શકે છે પણ તેથી વધુ નહીં.

આ નીતિ તમારા ઘરના માન્ય સભ્ય ન હોય તે કોઈપણ તમારા યૂનિટમાં રહેતી વ્યક્તિ માટે લાગુ પડે છે. ખાસ કિસ્સાઓમાં, જયારે ટૂંકા ગાળાની તબીબી સંભાળ કે સેવા જરૂરી હોય ત્યારે, મહેમાનો Operating Unit અથવા Property Manager પાસેથી મંજૂરી લઈને 30 દિવસ, કરતાં વધુ સમય તમારા યૂનિટમાં રહી શકે છે.

જો Toronto Community Housingને જાણ થાય કે તેમની મંજૂરી વિના તમારી સાથે 30 દિવસ કરતાં વધુ સમયથી મહેમાનો રહેતા હોય છે તો, તેઓ પરિસ્થિતિની તપાસ કરશે. જો તમારા મહેમાન ખાસ કિસ્સામાં નથી આવતા, તો તમે તમારા આવક અનુસાર ભાડું સબ્સિડી ગુમાવી શકો છો.

ખાસ કિસ્સાઓ વિશે વધુ જાણવા માટે અથવા Visitor and Guest Policyની નકલ મેળવવા માટે:

- **Client Care Centre** પર કૉલ કરો, અથવા
- Operating Unit અથવા Property Management Officeની મુલાકાત લો, અથવા
- ઑનલાઇન **www.torontohousing.ca** પર જાઓ.

### 8. **જયારે આવક અનુસાર ભાડું આપતી વખતે જો તમારા યૂનિટમાંથી તમે 90 દિવસ કે તેથી વધુ સમય માટે ગેરહાજર હો તો**

પરિવારને આવક અનુસાર ભાડાની સબ્સિડી મળતી હોય ત્યારે, સામાજિક હાઉસિંગ માટે City of Torontoની માર્ગદર્શિકા પ્રમાણે એક યૂનિટના બધા સભ્યો મહત્તમ 90 દિવસ માટે "ગેરહાજર" રહી શકે છે અથવા યૂનિટમાં રહેતા નથી હોતા તો પણ તેમની આવક અનુસાર ભાડું સબ્સિડી ચાલુ રહે છે. જો કે, આ નિયમમાં કેટલાક અપવાદો છે.

- તમારા ઘરના બધા સભ્યો એક જ સમયે દૂર હોય તો જ આ નિયમ લાગુ પડે છે.
- 12 મહિનાના સમયગાળામાં સળંગ સાત દિવસની ટૂંકી ગેરહાજરી અથવા તેનાથી ઓછી, 90-દિવસ મર્યાદામાં ગણાશે નહિ.

કૃપા કરીને અમને જણાવો જો તમે હૉસ્પિટલમાં, પુનર્વસવાટમાં, ટ્રાયલની રાહ જોતા હો અથવા તમારી પાસે તમારા યૂનિટ તરફથી 90 દિવસ કરતાં વધુ સમય માટે દૂર રહેવા માટે બીજા વાજબી કારણને આધાર આપતો દસ્તાવેજ હોય. આ માર્ગદર્શિકા વિશે અહીં વધુ વાંચો: **www.toronto.ca/housing/absence+from+RGI+unit.**

વધુ જાણવા માટે, **Client Care Centre**ને ફોન કરો અથવા તમારા Operating Unit અથવા Property Management officeની મુલાકાત લો.

## 9. **વ્યક્તિગત માહિતીની જાહેરાત**

કાયદાઓ પણ છે જે તમારી અંગતતા માટેના હકોનું રક્ષણ કરે છે. મકાનમાલિકોએ, જયારે તેઓ તમારી અંગત માહિતીને મેળવે, તેનો ઉપયોગ કરે અને બીજા સાથે વહેંચે ત્યારે કડક કાયદાનું પાલન કરવું જ જોઈએ.

**જો તમે આવક અનુસાર ભાડું ચુકવતા હો ત્યારે**:

Toronto Community Housing માટે તમારા ઘરના સભ્યો વિશે અંગત માહિતી મેળવવાનું જરૂરી છે, જેથી તમારું ભાડું ગણી શકાય અને નક્કી કરી શકાય કે તમે આવક અનુસાર ભાડા માટેની સબ્સિડી માટે લાયક છો કે નહિ.

Toronto Community Housingને *Housing Services Act*, 2011 હેઠળ તમારી ભાડૂત અને આવાસ સબ્સિડી વિશે જાણકારી એકઠી કરવાની અને રાખવાની સત્તા હોય છે.

જો તમે ચાહતા હો કે કોઈ તમારા વતી તમારી લીઝ વિશે વાત કરે, તો તમારી ભોગવટા વિશે માહિતી વહેંચવાની પરવાનગી આપતું સંમતિ પત્રક (Consent to Disclose Information ફૉર્મ) ભરેલું હોવું જ જોઈએ. તમે આ કામ તમારા Operating Unit અથવા Property Management Officeમાં રૂબરૂ મળીને અથવા ઑનલાઇન ભરીને, અથવા **416-981-5500** પર કૉલ કરીને કરી શકો છો.

# કબજો છોડાવવો (ઇવિક્શન)

*Residential Tenancies Act* હેઠળ, આ કેટલાક કારણો છે જેને કારણે તમારા પર કબજો કરી શકાય છે:

- તમે ભાડું ચુકવતા નથી.
- સલામતી ધોરણો દ્વારા માન્ય હોય તે કરતાં વધુ લોકો તમારા યૂનિટમાં રહેતા હોય.
- તમારા યૂનિટમાં રહેતા લોકો તમારા લીઝ પર નોંધાયેલા ન હોય.
- જાણીબૂજીને તમારા યૂનિટ અથવા બિલ્ડિંગમાં ગંભીર નુકસાન કરે છે.
- જયારે તમે આવક અનુસાર ભાડું ચુકવતા હો ત્યારે તમે તમારી આવક અથવા તમારી સાથે રહેતા બીજી કોઈ વ્યક્તિની આવક વિશે રિપોર્ટ કરતા નથી.
- અન્ય રહેવાસીઓના વાજબી ઉપભોગમાં દખલ થાય તે રીતે વર્તે છે.
- બીજા રહેવાસીની સલામતી માટે ધમકી આપે.
- Toronto Community Housing પ્રૉપર્ટીના કાયદાનો ભંગ કરવો.
- તમારા લીઝ શરતોનું ઉલ્લંઘન કરવું.

Toronto Community Housing જે ભાડૂતો સમય પર ભાડું નથી આપી શકતા તેમની સાથે કામ કરે છે જેથી તેઓ તેમની જવાબદારીઓ પૂરી કરી શકે અને જ્યારે પણ શક્ય હોય, ત્યારે તેમનું ઘર ચાલુ રાખી શકે.

---

**Office of the Commissioner of Housing Equity**

આ ઑફિસ એ માટે કામ કરે છે કે જેથી વરિષ્ઠ (જેઓ 59 અને તેથી વધુ ઉંમરના છે) અને નિર્બળ ભાડૂતો જેમને ભાડું નહીં ચુકવવા બદલ સબ્સિડી ગુમાવવી અથવા કબજો કરવાનો સામનો કરવો પડી શકે છે તેમનું રક્ષણ થઈ શકે છે. આ ઑફિસ Toronto Community Housing થી સ્વતંત્ર છે (કમિશનર બોર્ડ ઑફ ડિરેક્ટરને અહેવાલ આપે છે). તે સંપૂર્ણતા, નિષ્પક્ષતા, અને સ્વતંત્રતાના સિદ્ધાંતો પ્રમાણે સંચાલિત થાય છે. સંપર્ક માહિતી : ટેલિફોન **416-632-7999**, અથવા ઈમેઇલઃ **info@oche.ca**.

---

કબજો છોડાવવો (ઇવિક્શન) હંમેશાં છેલ્લો ઉપાય છે. તમારું યૂનિટ તમારું ઘર છે અને અમે તમારી સાથે મળી કામ કરીને તેને જાળવી રાખવા માટે મદદ કરવા માંગીએ છીએ. તમે તમને ભાડું ભરવા માટે મુશ્કેલી હોય તો, અમને કૃપા કરીને તરત જ જણાવો.

અમારી કબજો લેવા સંબંધિત નીતિઓ વિશે વધુ જાણો:

- Eviction Prevention Policy for Non-payment of Rent (Arrears) [ભાડાની બિન ચુકવણી માટે ઇવિક્શન નિવારણ નીતિ (બાકી દેણાં)]
- Policy on Evictions for Cause (હેતુલક્ષી ઈવિક્શન નીતિ)

તમે કરી શકો છો:

- **www.torontohousing.ca**માંથી નકલ ડાઉનલોડ કરો, અથવા
- Operating Unit અથવા Property Management Officeની મુલાકાત લો, અથવા
- **Client Care Centre**ને **416-981-5500** પર કૉલ કરો.

---

**અગત્યનું:** આ માર્ગદર્શિકામાંથી કોઈ પણ વસ્તુ કાનૂની સલાહ તરીકે લેવી જોઈએ નહિ. આ માર્ગદર્શિકામાં લખાયેલી કોઈ પણ બાબત અને Canadaના કોઈ પણ કાયદા (કેન્દ્રીય, પ્રાંતીય અથવા બીજા કોઈ) વચ્ચે તફાવત હોય તો કાયદો સર્વોચ્ચ રહેશે.

---

# સ્થળાંતર પદ્ધતિ

### 1. સૂચના આપવી

જયારે તમે બહાર જવા માટે તૈયાર હો, ત્યારે તમારે બહાર જવાની યોજનાના 60 દિવસ પહેલાં (બે પૂર્ણ કૅલેન્ડર મહિના) સૂચના આપવી જોઈએ. કૃપા કરીને તમારા Operating Unit અથવા Property Management Office પર તમારી બહાર જવા માટેની સૂચના આપો.

### 2. ચાવીઓ અને ફૉબ્સ પરત કરો

તમારે નીકળતા પહેલાં મેઈલબૉક્સ ચાવીઓ, ફૉબ્સ ચાવીઓ, પાર્કિંગ ગૅરાજ ચાવીઓ અને પાર્કિંગ સ્ટિકરો સહિત તમામ યૂનિટની ચાવીઓ પરત કરવા જ જોઈએ. આ બધી વસ્તુઓ તમારા સુપરિન્ટન્ડન્ટને આપો. તમે આ વસ્તુઓ પરત ન કરો તો, તેની ફેરબદલી માટે તમને ચાર્જ કરવામાં આવશે.

3. **ભાડું અને અન્ય ખર્ચાઓ**

તમને તમારો મહિનો પૂરો થાય અને ભોગવટો પૂરો થાય ત્યાં સુધી તમારી પાસેથી ભાડું વસૂલ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે:

- તમે માર્ચ 1 લી પર લેખિત સૂચના આપી હોય, તો તમારે 1લી મે પહેલાં બહાર નીકળતા પહેલાં માર્ચ અને એપ્રિલ માટે ભાડું ચુકવવું પડશે.
- જો તમે 15 ફેબ્રુઆરીએ લેખિત સૂચના આપી હોય, તો તમે એપ્રિલ 30 સુધી ભાડું ચૂકવશો અને 1લી મે પહેલાં બહાર જશો.

જયારે તમે તમારું યૂનિટ છોડશો ત્યારે જો તે ગંદું હોય તો તેને સાફ કરવા માટે અને કોઈ નુકસાન થયેલું હોય તો તેના સમારકામ માટેનો ખર્ચ ભોગવવા માટે તમે જવાબદાર રહો છો.

4.**નિરીક્ષણ**

Toronto Community Housing સ્ટાફ તમે લેખિત સૂચના આપી હોય તો પછી ટૂંક સમયમાં તમારા યૂનિટની તપાસ કરશે. તમે છોડીને જાવ પછી તેઓ ફરીથી તપાસ કરશે. તમારું યૂનિટ તેની મૂળ સ્થિતિમાં હોવું જોઈએ. સામાન્ય ઘસારાઓથી વધારે થયેલા નુકસાન માટે તમને ચાર્જ કરવામાં આવશે.

ઉદાહરણ તરીકે, જો તમે કોઈ વૉલપેપર લગાવ્યું હોય તો, તમારે તેને દૂર કરવું પડશે.

# તમારી સલામતી

**Toronto Community Housing તમારી સુરક્ષા વિશે ધ્યાન આપે છે.**

## કટોકટીમાં, હંમેશાં **911 પર કૉલ કરો**

**અમે શું કરીએ છીએ:**

Toronto Community Housingની Community Safety Unitમાં એક ટુકડી હોય છે જેમાં ખાસ કોન્સ્ટેબલ્સ, સમુદાય ગસ્ત અધિકારીઓ, અને રવાનગી કેન્દ્રનો સમાવેશ થાય છે. અમારી ટીમ સાઇકલ દ્વારા, પગપાળા અથવા કાર દ્વારા સમુદાયોમાં ચોકી કરે છે.

**તમે શું કરી શકો:**

Toronto Community Housing નિવાસીઓ તેમના પડોશીઓ પર ધ્યાન રાખે છે. કેટલાક બિલ્ડિંગોમાં, રહેવાસીઓ બીજા પર ધ્યાન રાખી શકે તે માટે એક "સાથી પદ્ધતિ" ("બડી સિસ્ટમ") હોય છે. જો તમને ચિંતા થતી હોય તો, કોઈને—ઉદાહરણ તરીકે, અન્ય પડોશી, મિત્ર, અથવા સમુદાય સુરક્ષા યૂનિટને જણાવો.

તમે સુરક્ષા મુદ્દાઓ વિશે Community Safety Unitને ફોન કરી શકો છો અથવા Toronto Community Housing પ્રૉપર્ટી પર પાર્કિંગ ઉલ્લંઘનની જાણ કરી શકો છો.

---

**416-921-2323 પર , 24 કલાક અને અઠવાડિયાના સાત દિવસ કૉલ કરી શકો છો.**

---

**તમે 416-921-2323 પર કૉલ કરો ત્યારે શું થશે?**

મોકલનાર તમને તમારી જરૂરિયાત વિશે પ્રશ્નો પૂછશે. આ પ્રશ્નોમાં આ સામેલ હોઈ શકે છે:

- તમે ક્યાં છો?
- મદદની ક્યાં જરૂર છે?
- કોણ સામેલ છે?

આ મોકલનાર પ્રશ્નો પણ પૂછશે જેથી ખાતરી થાય કે યોગ્ય સંસાધનો ઝડપથી મોકલાય અને દરેકની સુરક્ષા જોગવાઈ રહે. અમે બધા કૉલ્સ ગંભીરતાથી લઈએ છીએ અને જવાબ આપવા માટે યોગ્ય સત્તાવાળાઓ સાથે કામ કરીએ છીએ.

દરેક પરિસ્થિતિ અલગ હોય છે.

- જો જીવન માટે જોખમી પરિસ્થિતિ હોય તો, મોકલનાર તરત **911** પર Toronto Emergency Services (ટોરોન્ટો ઇમર્જન્સી સેવાઓ)નો સંપર્ક કરશે.
- જો તે જીવન માટે જોખમી પરિસ્થિતિ ન હોય અને જેમાં Community Patrol Officersની જરૂર ન હોય તો, મોકલનાર તમારી માહિતી લઈ શકે છે. Community Patrol Officers તમારી મુશ્કેલી પર ધ્યાન આપવા માટે Toronto Police Service અને પ્રૉપર્ટી મેનેજમેન્ટ સ્ટાફ સાથે કામ કરશે.

ફોન કરનાર ગુપ્ત રહી શકે છે. પરંતુ, જો તમે એક અધિકારી સાથે વાત કરવા માંગો છો, તો મોકલનારને તમારા પ્રથમ નામ અને ફોન નંબરની જરૂરત પડશે.

સમુદાય સુરક્ષા અને ગુના અટકાવ વિશે વધુ માહિતી માટે, **www.torontopolice.on.ca** ખાતે Toronto Police Service વેબસાઇટની મુલાકાત લો.

## તમારા સમુદાયમાં સુરક્ષા

સ્વસ્થ અને સલામત સમુદાય બનાવવા માટે, નિવાસીઓએ નીચેના ધોરણો વિશે સભાન રહેવું જોઈએ:

1. અમે (કર્મચારીઓ અને રહેવાસીઓ) એક બીજા સાથે આદર અને સૌજન્યથી વર્તાવ કરીશું અને અમારા સમુદાયમાં રહેલી વિવિધતાને માન આપીશું.
2. અમે શાંતિપૂર્ણ, સ્વસ્થ અને સુરક્ષિત સમુદાયોને પ્રોત્સાહન આપીશું.
3. અમે અમારી ક્રિયાઓ અને અમારા બાળકો, કુટુંબના સભ્યો, મહેમાનો, મુલાકાતીઓ અને પાલતુ જાનવરોની ક્રિયાઓ માટે જવાબદાર છીએ.
4. અમે ભાડા યૂનિટોમાં, વ્યક્તિગત સંપત્તિ, સામાન્ય જગ્યાઓ અને ઑફિસો સહિત અમારા સમુદાયોમાં રહેલી બધી સંપત્તિનો આદર કરીએ છીએ.
5. અમે Toronto Community Housing નીતિઓ, લીઝ કરાર, અને બધા કાયદાઓનો આદર કરીએ છીએ અને તેમને જાળવીએ છીએ.

તમે જો સમાજ વિરોધી વર્તન જોયું હોય અથવા તમે તેના શિકાર થયા હોવ તો, કૃપા કરીને **416-921-2323** પર Community Safety Unitને ફોન કરો.

સમાજ વિરોધી વર્તનમાં સામાન્ય ઉદાહરણોનો સમાવેશ થાય છે:

- અતિશય ઘોંઘાટ
- અજાણ્યા માટે લોબી દરવાજા ખોલવા
- આમતેમ ફરવું
- ગંદકી કરવી/ કચરો નાંખવો/ કચરામાંથી ગંધ આવવી

- લોકો સાથે ખરાબ અથવા મૌખિક અપમાનજનક વર્તન કરવું
- લોકો સામે આક્રમક રીતે વર્તવું
- તમારો કૂતરો બાંધીને ન રાખવો
- અસુરક્ષિત ઘર સંભાળ/ અતિશય ગીચતા

Community Safety Unit અને Operating Unit અથવા Property Manager સમાજ વિરોધી વર્તનની ફરિયાદો પર કામ કરશે.

---

**અગત્યનું:**જે રહેવાસીઓ અસામાજિક વર્તન કરશે તેમને ચોક્કસ ચેતવણીઓ મળશે. સૌથી વધુ ગંભીર કિસ્સાઓમાં, તેમને Landlord and Tenant Board (લૅન્ડલૉર્ડ ઍન્ડ ટેનન્ટ બોર્ડ) દ્વારા બહાર કાઢવામાં આવી શકાય છે. જો જરૂરત લાગશે તો અમે પોલીસ અથવા અન્ય એજન્સીઓનો પણ સમાવેશ કરશું.

---

## તમારા વિકાસમાં સલામતી

તમને અને તમારા મકાનને સલામત રાખવા માટે:

- પ્રવેશદ્વારો અને દરવાજા ખુલ્લા ના હોવા જોઈએ. તમે જયારે તે કરો છો ત્યારે બિલ્ડિંગમાં રહેલ દરેકને જોખમમાં મુકો છો.
- બધા મુખ્ય રસ્તા સાફ રાખો. જો તમે તે ન કરો તો આગનો ભય રહેશે. મુખ્ય રસ્તા ચોખ્ખા રાખવાથી ગબડવાનું અને પડી જવાનું અટકાવી શકાય છે. તે માળ અને કાર્પેટને સ્વચ્છ રાખવા માટે મદદ કરે છે. કટોકટી કાર્યકરોને ઝડપથી તમારી સુધી પહોંચવા માટે પણ તે મદદ કરે છે.
- લિફ્ટમાં જતા પહેલાં તેમાં જુઓ. લિફ્ટમાં કોઈ પહેલેથી જ હોય જે તમને અસ્વસ્થ બનાવે તો, આગામી લિફ્ટ માટે રાહ જુઓ.
- તમારા યૂનિટના દરવાજાને તાળું મારીને હમેશાં બંધ રાખો.
- પ્રવેશ સિસ્ટમ વાપરી રહ્યા હોય, તો ખાતરી કરો કે જે વ્યક્તિ મકાનમાં પ્રવેશે છે તેણે તમને પહેલાં ફોન કર્યો હોય.
- ફેરિયા અથવા બીજાઓ જેમને તમે જાણતા નથી તેમને મકાનમાં પ્રવેશવા ન દો.
- જેઓ તમારી સાથે રહેતા નથી તેમને તમારા યૂનિટની અથવા ફૉબ્સની ચાવીની નકલો આપવી નહિ.
- તમે તમારી ચાવીઓ અથવા ફૉબ્સ ગુમાવો તો, તમારા સુપરિન્ટન્ડન્ટને તરતજ જણાવો.
- જો તમે લાંબા સમય દૂર રહેવાના હો, તો તમારા સુપરિન્ટન્ડન્ટને જણાવો. કે ભાડૂતો 90 દિવસથી વધુ માટે તેમનાં યૂનિટ ખાલી રાખે છે તેમનાં માટે આવક અનુસાર ભાડું સબ્સિડી ગુમાવવાનું જોખમ રહેલ છે.

- ઘરે નાના બાળકોને એકલા છોડશો નહીં.
- તમારા સુપરિન્ટેન્ડન્ટને ખબર કરો:
  - જો તમે તમારા મકાનની અંદર અથવા આસપાસ લાઇટ બલ્બ બળી ગયેલા જુઓ તો
  - જો ત્યાં એવા વિસ્તારો હોય કે જ્યાં બરફ દૂર કરવો જરૂરી હોય તો
  - જો તમે વૃક્ષો, નાના છોડ અને વાડ જુઓ, જેમને કાપણીની જરૂર છે.

**પાર્કિંગ વિસ્તારોમાં અને તમારી કારમાં સલામતી**

- કોઈને ભૂગર્ભ ગૅરાજ અથવા સપાટી પાર્કિંગ લૉટમાં તમને અનુસરવા ન દો. જો તમે કોઈને જુઓ જે તમને ડરપોક બનાવે છે તો, તમારી કારમાં જ રહો અને હૉર્ન વગાડો અથવા દૂર જતા રહો. Community Safety Unitને તમારી ચિંતા વિશે જાણ કરો. તમે બીજા કોઈ સમયે પાછા ફરી શકો છો.
- ગલીમાં ચાલતી વખતે અથવા કારમાં બેસતી વખતે સંગીત સાંભળવાનું ટાળો, જેથી તમે તમારી આસપાસ શું થઈ રહ્યું છે જાણી શકો.
- જો તમે સાઇકલ ધરાવતા હોય તો, પોલીસમાં રજિસ્ટર કરો. સારી ગુણવત્તાના તાળાનો ઉપયોગ કરો. કાપી અથવા તોડી ન શકાય એવી કોઈ વસ્તુ સાથે તમારી બાઇક લગાવી તાળું મારો.
- જો તમારી સાઇકલ પર સીરિયલ નંબર ન હોય તો, તેની ફ્રેમ અને વ્હીલ પર નંબર લખો જેથી જો તે ચોરાઈ જાય તો તેને ઓળખી શકાય.
- હંમેશાં જયારે તમારી કાર તમે વાપરી રહ્યા હોય ત્યારે, અને જ્યારે તેને પાર્ક કરી હોય ત્યારે તેને લૉક કરી રાખો.
- તમારી કારમાં કીમતી ચીજો રાખશો નહિ.
- તમારી કારમાં દાખલ થતાં પહેલાં તેની અંદર અને તેની હેઠળ જુઓ.
- જો તમારી કારમાં મુશ્કેલી હોય તો, હૂડ ખોલો, તમારી કારમાં જાતે પુરાઈ જાઓ અને પોલિસ અથવા વાહન ખેંચવાની ટ્રક માટે રાહ જુઓ. તમે જેને જાણતા ન હો તે વ્યક્તિ માટે દરવાજો ખોલશો નહિ.

**શહેરી ઘરની સલામતી**

- નક્કી કરેલા રસ્તાઓ પર સારા પ્રકાશવાળા વિસ્તારોમાં ચાલો. ટૂંકા રસ્તા ટાળો.
- તમારા ભોંયતળિયાની બારીઓ અને દરવાજા ખાસ કરીને ગરમ હવામાનમાં, બંધ (લૉક) અને સુરક્ષિત છે તેની ખાતરી કરો.
- તમારા સુપરિન્ટેન્ડન્ટને કોઈપણ બળી ગયેલી લાઇટ અથવા ઓવરગ્રોન લાઈટની જાણ કરો.
- રાત્રે તમારા વાડામાં પ્રકાશ રાખો. આ પદયાત્રીઓ માટે વધારાનો પ્રકાશ પૂરો પાડે છે. તે સમાજ વિરોધી વ્યવહારને પણ અટકાવે છે. ઊર્જા કાર્યક્ષમ લાઇટ બલ્બનો ઉપયોગ કરવાથી તમારા જળ બિલ પર મોટી અસર પડશે નહીં.

### ફટાકડા સલામતી

ફટાકડાનો કોઈ પણ સમયે, Toronto Community Housing પ્રૉપર્ટી પર ઉપયોગ કરી શકાતો નથી. ફટાકડા જોવા માટે સુંદર હોય છે પણ તે બાળકો, વયસ્કો અને પાળતુ પ્રાણીઓ માટે જોખમી છે. તેઓ આગ અને ઘરો માટે નુકસાનનું કારણ બની શકે છે. તેઓ ગંભીર ઈજાઓ જેમ કે દાઝવું, જખમો કરવા, અને અંધત્વ લાવી શકે છે.

શહેરમાં યોજવામાં આવતા જાહેર ફટાકડા પ્રદર્શન શોધવા માટેઃ

- શહેરને **311 પર કૉલ કરો**
- **www.toronto.ca/special_eventsની મુલાકાત લો**

પ્રશ્ન કે ચિંતા માટે, કૃપા કરી સંપર્ક કરો:

- તમારા બિલ્ડિંગ સુપરિન્ટન્ડન્ટ
- **Community Safety Unitને 416-921-2323 પર કૉલ કરો**
- કટોકટી કિસ્સામાં, **911 પર કૉલ કરો**

# અગ્નિ સલામતી

## જો તમને આગ દેખાય તો, હંમેશાં 911 પર કૉલ કરો.



ક્યારેય માની નહીં લેતા કે કોઈએ પહેલેથી **911** પર જાણ કરી હોય. ખાતરી કરો કે તમે આ આપો:

- તમારું નામ
- તમારા મકાનનું સરનામું
- આગનું સ્થળ

### જીવન સુરક્ષા સાધનો

ધુમાડાના અલાર્મ એક અલાર્મ વગાડીને તમને આગ વિશે ચેતવણી આપશે. દરેક Toronto Community Housing યૂનિટમાં ધુમાડો અલાર્મ છે. ધુમાડો અલાર્મ ક્યારેય દૂર કરશો નહી .

### યોગ્ય રીતે ધુમાડો અલાર્મનો ઉપયોગ કરો

જયારે અવન અથવા રસોડામાં થયેલા નાના ધુમાડાથી જે આગના કારણે ન હોય, ધુમાડો અલાર્મ વાગે તો, ધુમાડો દૂર કરો અથવા ધુમાડા અલાર્મ પર "હશ" બટન દાબો. જો તમારો ધુમાડો અલાર્મ કામ નથી કરતું અથવા ધુમાડો ન હોય ત્યારે પણ અલાર્મ વાગે તો "હશ" બટન દાબો અને પછી **Client Care Centre** પર કૉલ કરો.

અમારા સ્ટાફ તમારા યૂનિટની દર મુલાકાત વખતે તપાસ કરે છે કે તમારો ધુમાડો અલાર્મ કામ કરે છે, અને તે

વાર્ષિક યૂનિટ નિરીક્ષણ દરમિયાન પણ તપાસાય છે. જો ધુમાડો અલાર્મ કામ ન કરતું હોય તો, તે રિપેઅર થશે અથવા બદલાવાશે. જો તમે ધુમાડો અલાર્મ નિષ્ક્રિય કરો અથવા દૂર કરો તો, તમે જાતે, તમારા કુટુંબ, અને તમારા પડોશીઓને જોખમમાં મુકો છો. અમે Toronto Fire Servicesને જાણ કરીશું જે તમને ચેતવણીનો પત્ર મોકલશે. તમને સમારકામ માટે ચાર્જ કરી શકાય છે અને $50,000 સુધી દંડ થઈ શકે છે. બે કરતાં વધુ વખત આવું થાય તો તમારે કબજો લેવાનો સામનો કરવો પડશે.

## કાર્બન મોનોક્સાઇડ અલાર્મ

કાર્બન મોનોક્સાઇડ જે ગંધહીન હોય છે અને જો તે ગૅસનું સ્તર ઊંચું થઈ ગયું હોય તો, કાર્બન મોનોક્સાઇડ અલાર્મ તમને ચેતવણી આપશે. કાર્બન મોનોક્સાઇડ અલાર્મ તે યૂનિટોમાં હોય છે જે અશ્મિભૂત ઇંધણ બાળે છે, ઉદાહરણ તરીકે, ગૅસવાળા ગરમ પાણી હીટર અથવા ભઠ્ઠી.

અપાર્ટમેન્ટ બિલ્ડિંગમાં, કાર્બન મોનોક્સાઇડ અલાર્મ બે માળ નીચે અને બે માળ ઉપરના યૂનિટમાં અને અશ્મિભૂત ઇંધણથી ચાલતા ઉપકરણોવાળા માળ પર હોય છે અને ભૂગર્ભ પાર્કિંગ ગૅરાજ (મોટરગાડીઓ રાખવાનું છાપરું) ઉપર પણ હોય છે.

## કટોકટી માટે તૈયાર રહો

- તમે અને તમારા પરિવારે કટોકટીમાં શું કરવું, તેની ખબર હોય તેવી યોજના બનાવવી જોઈએ. અભ્યાસ કરો કે તમે તમારું ઘર સુરક્ષિત રીતે કેવી રીતે છોડવું, ખાસ કરીને તમારા બાળકો હોય તો. તમારા ઘરની બહાર એક એવી જગ્યા નક્કી કરો જ્યાં દરેક વ્યક્તિ કટોકટીમાં પહોંચી શકે અને એકત્ર થઈ શકે.
- કટોકટી કિટ બનાવો (મહત્વના સંપર્કોની યાદી સહિત) અને તે ક્યાં છે તેની ખબર રાખો.
- તમારા કુટુંબને અને તમારા સામાનને સુરક્ષિત કરવા માટે વીમો રાખો.
- ખાતરી કરો કે તમારા કુટુંબના સભ્યોને તમારું કટોકટી સંપર્ક નામ અને નંબર ખબર છે.

જો તમારા યૂનિટમાં એવી આગ લાગે કે જેને તમે હોલવી શકતા નથી તો, તરત ભાગો, નજીકનું ફાયર અલાર્મ ખેંચો અને **911** પર કૉલ કરો.

- તમારા મકાનમાં આગ લાગે તો, તમારા મુખ્ય દરવાજા પાછળના સૂચનો જુઓ.
- કોઈપણ દરવાજો ખોલતા પહેલાં, દરવાજાના હેન્ડલ અને દરવાજાને, નીચેથી શરૂ કરી ઉપર સુધી સ્પર્શ કરો. જો બારણું ગરમ ન હોય તો, તેને ધીમેથી ખોલો. જો હૉલવે સાફ છે તો, તમારી ચાવી લો અને ગ્રૅબ-ઍન્ડ-ગો બૅગ લઈ જાઓ (જો તમારી પાસે છે તો) અને નજીકના દાદરનો ઉપયોગ કરીને ભાગો.
- તમારી પાછળના બધા દરવાજા બંધ કરો, પરંતુ લૉક કરતા નહિ.
- હૉલવેઝમાં આગ દરવાજા આપોઆપ બંધ થશે. તેમને ખોલવા માટે ટેકો આપતા નહિ.

**તમે છોડી શકતા નથી તો:**

- બધી તિરાડો જ્યાં ધુમાડો પ્રવેશ કરી શકે છે તેમને જોડી દો અને તે માટે ભીના ટુવાલ અથવા શીટ્સનો ઉપયોગ કરો. મેઈલ સ્લૉટ અને વેન્ટિલેશન આઉટલેટ્સને બંધ કરવા લેવા ટેપનો ઉપયોગ કરો.
- ધુમાડાથી દૂર રહેવા દૂરની અટારી અથવા રૂમમાં જાઓ. ધુમાડો ઉપર જાય છે, તેથી જો તમે કરી શકો તો ફ્લોર (ભોંય) પર નીચા રહો.
- અગ્નિશામકોને તમે ક્યાં છો તે બતાવવા માટે તમારી અટારી પરથી અથવા તમારી બારીમાંથી ટુવાલ અથવા ચાદર લટકાવો.
- શાંત રહેવા પ્રયત્ન કરો.

Toronto Fire Services આગના કિસ્સામાં વાપરવા માટે નીચેની વસ્તુઓ સાથે કિટ બનાવવાનો આગ્રહ રાખે છે:

- થોડા ટુવાલ અથવા ધોવાના કપડાંને તમે ભીના કરી બારણાની નીચેની સપાટી પર મૂકી શકો છો, સાથે સાથે તમારા મોં અને તમારા નાક ઉપર બાંધી શકો છો, જે તમને ધુમાડો ભરેલા વિસ્તારોમાં શ્વાસ લેવામાં મદદ કરશે.
- થોડી ડક્ટ ટેપ અને ફૉઈલ જે મેલ સ્લૉટ અને છિદ્રોને બંધ કરી દેશે.
- એક વ્હિસલ મદદ માટે, જે સંકેત તરીકે કામ કરશે.
- પાવર નિષ્ફળતા હોય, જો હૉલવેઝમાં ધુમાડો હોય, અથવા મદદ માટે સંકેત તરીકે વાપરવા માટે એક વીજળીની ટૉર્ચ.
- એક માર્કર જે કપડા, દરવાજા અથવા બારી પર સંદેશાઓ લખી શકે.
- એક સુતરાઉ ચાદર. જો ધુમાડો તમારા રૂમમાં ભારે હોય તો, પાણી સાથે ચાદરપલાળો અને ખુલ્લી બારી નજીક તંબુ બનાવો.
- આ યાદી પર આપેલી બધી વસ્તુઓનો સંગ્રહ કરવા માટે ઢાંકણા સાથેની એક પ્લાસ્ટિક ડોલ. આગ દરમિયાન, ડોલમાં પાણી ભરો.

આગ સલામતી અને નિવારણ પર વધુ જાણકારી માટે, **www.toronto.ca/fire** ખાતે Toronto Fire Services વેબસાઇટની મુલાકાત લો.

# પાવર નિષ્ફળતાઓ (વીજળી જવી)

દરેક Toronto Community Housing પ્રૉપર્ટી અલગ છે. કેટલાક બિલ્ડિંગોમાં કટોકટી જનરેટર હોય છે અને કેટલાકમાં નથી હોતા. તમારા મકાનમાં પાવર નિષ્ફળતાની જાણ કરવા:

- 416-542-8000 **પર Toronto Hydro પર કૉલ કરો**.
- **Client Care Centre** પર કૉલ કરો.

પાવર નિષ્ફળતા ત્રણ કલાક કરતાં વધુ સુધી રહે તેવી અપેક્ષા હશે તો, સ્ટાફ નોટિસ પોસ્ટ કરશે અને માહિતી આપવા માટે યૂનિટોની મુલાકાત કરશે અને રહેવાસીઓની જરૂરિયાતો પૂર્ણ કરવાની ખાતરી આપશે. કટોકટી માટે તૈયારી કરવા અંગે વધુ માહિતી પાનાંઓ 68 અને 69 પર છે.

પાવર નિષ્ફળતાઓ માટે, તૈયારી કરવા વધુ માહિતી માટે [www.torontohydro.com](http://www.torontohydro.com)ની મુલાકાત લો.

# સામેલ થવું

બેઠકમાં આવો, બેઠકનું આયોજન કરો, અથવા કમિટીમાં સામેલ થવું!

## તમારા સમુદાયમાં કેવી રીતે સામેલ થવું

બધા નિવાસીઓને સામેલ થવાની તક મળે છે. તમારા માટે કોઈ એક મુદ્દો અગત્યનો છે? બેઠકમાં આવો, બેઠકનું આયોજન કરો, અથવા કમિટીમાં સામેલ થવું.

રહેવાસી (Resident) અને Community Services એક પૂરો વિભાગ છે જે નિવાસીઓ માટે આધાર, કાર્યક્રમો, તકો અને પ્રસંગો પૂરી પાડવા માટે સમર્પિત રહે છે. આ વિભાગનો સ્ટાફ પણ બધા Toronto Community Housing સમુદાયોમાં રહેવાસીઓને સામેલ થવાનો આધાર આપે છે.

## બેઠકો

### બોર્ડ અને બોર્ડ સમિતિ બેઠકો

Toronto Community Housingના નિયામક મંડળ (Board of Directors) પર ભાડૂતો માટે બે સ્થળો છે. ઈચ્છા ધરાવતા રહેવાસીઓ અરજી કરી શકે છે અને દર ચાર વર્ષે આ હોદ્દા ભરવા માટે રહેવાસીઓ દ્વારા ચૂંટાઇ શકે છે. બોર્ડ અને બોર્ડ સમિતિ બેઠકો જાહેર જનતા માટે ખુલ્લા છે.

www.torontohousing.ca ખાતે અમારી વેબસાઇટ પર સમયપત્રક પોસ્ટ કરવામાં આવે છે.
જાહેર સભામાં એજન્ડા આઇટમ વિશે લેખિત અથવા મૌખિક નિવેદન બનાવવા માટે, **416-981-4232** પર (બોર્ડ બેઠકો માટે) અથવા **416-981-4194** (બોર્ડ સમિતીની બેઠકો માટે) કૉલ કરો.

### સમુદાયની બેઠકો

તમારા સમુદાયમાં યોજાયેલી બેઠકો સ્ટાફ દ્વારા આયોજિત કરી શકાય છે જે Toronto Community Housing વેપાર વિશે વાત કરશે. સ્થાનિક મુદ્દાઓ વિશે વાત કરવા, રહેવાસીઓ માટે રહેવાસીઓ દ્વારા પણ તેમને આયોજિત કરી શકાય છે.

# બુલેટિન બોર્ડ

ઘણાં બધાં Toronto Community Housingના બિલ્ડિંગોના નિવાસીઓ માટે સમાચાર અને માહિતી સાથે એક અથવા વધુ બુલેટિન બોર્ડ હોય છે. તમારા સમુદાયની પ્રવૃત્તિઓ વિશે જાણવા માટે તમારા મકાનમાં બુલેટિન બોર્ડને ઘણીવાર તપાસો.

# અમારી વેબસાઈટ

Toronto Community Housing વેબસાઈટ **www.torontohousing.ca** નિવાસીઓ માટે સમાચાર અને માહિતી ધરાવે છે. તમે અદ્યતન કરેલી સ્થાનિક પ્રવૃત્તિઓના સંબંધમાં નીતિઓ, ફૉર્મ્સ પણ તેના પરથી શોધી શકો છો.

# કોનો સંપર્ક કરવો

**સમાવિષ્ટ થવા માંગો છો?**

તમે તમારા સમુદાયમાં સામેલ થવા માંગો, તો તમારા સ્થાનિક Community Services Coordinator સાથે જોડાઓ. તમારા Operating Unit અથવા Property Management Officeની મુલાકાત લો અથવા **Client Care Centre**ને કૉલ કરો જે તમારો સંપર્ક સ્ટાફ સાથે કરાવશે જે તમારી સમાવેશકતાને આધાર આપશે.

# સેવાઓ અને ટેકો

Toronto Community Housing સેવાઓને તમે 24 કલાક, વર્ષના પ્રત્યેક દિવસે તમે **416-981-5500TTY** પર કૉલ કરી શકો છો અથવા **help@torontohousing.ca** ખાતે પહોંચી શકો છો.

## Client Care Centreને કૉલ કરો અથવા એક ઇમેઇલ મોકલો:

- નિયમિત જાળવણી વિનંતીઓ
- ભાડા કે તમારા લીઝ વિશે પ્રશ્નો
- અલગ યૂનિટની ફેરબદલી માટે અરજીઓ
- તમારા ટેનન્સી વિશે અન્ય કંઈપણ માહિતી અથવા કોઈ વ્યક્તિને લીઝ પર ઉમેરવા અથવા તમારા લીઝ પરથી કોઈને દૂર કરવા વિશેની જાણકારી
- તમને કટોકટીમાં રિપેઅર સાથે મદદની જરૂર હોય, તો હંમેશાં કૉલ કરો; ઇમેઇલ મોકલો નહિ. 170 ભાષાઓમાં દુભાષિયાનું સેવા ઉપલબ્ધ છે.

**TTY (ટેક્સ્ટ ટેલિફોન)** ઉપકરણ બહેરા હોય તેવા, સાંભળવામાં તકલીફ પડતી હોય તેવા અથવા સારી રીતે બોલી ન શકે તેવા લોકોને મદદ કરે છે. આ માર્ગદર્શિકામાં TTY નંબરો, જ્યાં પણ તે ઉપલબ્ધ હોય, તેની યાદી બાની છે.

## Toronto Community Housingનો Community Safety Unit:

**416-921-2323 પર કૉલ કરો**

- સુરક્ષા મુદ્દાઓ વિશે
- Toronto Community Housing પ્રૉપર્ટી પર પાર્કિંગ ઉલ્લંઘની જાણકારી આપવી.

---

**અગત્યનું:**પાનાં 47 પર Community Safety Unit વિશે વધુ જાણો.

---

# ઉપયોગી નંબરો

**સામાજિક સેવાઓ: 211** *અથવા* **1-888-340-1001 TTY**
તમારા વિસ્તારમાં સામાજિક સેવાઓ અને સમુદાય એજન્સીઓ વિશે જાણકારી માટે કૉલ કરો. ઑપરેટરો ઘણી ભાષાઓ બોલે છે.

**શહેર સેવાઓ: 311** *અથવા* **416-338-0889 TTY**
City of Toronto દ્વારા પૂરી પડાતી સેવાઓ વિશે માહિતી માટે કૉલ કરો. ઑપરેટરો ઘણી ભાષાઓ બોલે છે.

**Toronto Public Health: 311** *અથવા* **416-392-0658 TTY**
તમારો કૉલ મફતમાં, ખાનગી આરોગ્ય માહિતી અને સલાહ માટે, એક જાહેર આરોગ્ય વ્યાવસાયિકને , અથવા ખોરાક સંભાળનારની તાલીમ અને પ્રિનેટલ વર્ગો જેવા જાહેર આરોગ્ય કાર્યક્રમોમાં નોંધણી માટે ફૉર્વર્ડ (આગળ મોકલી શકાય છે) કરી શકાય છે.

**Telehealth Ontario:**
**1-866-797-0000** *અથવા* **1-866-797-0007 TTY**
રજિસ્ટર્ડ નર્સ પાસેથી ખાનગી આરોગ્ય સલાહ અથવા માહિતી મેળવવા કૉલ કરો.

**Municipal Licensing and Standards:**
**311** *અથવા* **416-338-0889 TTY**
પ્રૉપર્ટી ધોરણો વિશે જાણકારી માટે કૉલ કરો (સમયસર અથવા જરૂરી સમારકામ કરવા માટે નિષ્ફળતાની તપાસ કરવા) અથવા સામાન્ય વિસ્તારોમાં અને વ્યક્તિગત યૂનિટોમાં કાયદો ભંગ કરવા વિશેની ફરિયાદ કરવા.

**Toronto Ombudsman's Office:**
**416-392-7062** *અથવા* **416-392-7100 TTY**
તમે બધા અન્ય વિકલ્પોનો પ્રયાસ કરી લીધો છે અને ત્યાર પછી શહેરની સરકાર વિશે ફરિયાદો બનાવવા માટે કૉલ કરો (આમાં તેની એજન્સીઓ, બોર્ડ, કમિશન અને Toronto Community Housingનો) સમાવેશ થાય છે.

**Landlord and Tenant Board:**
**416-645-8080** *અથવા* **1-800-268-9242 TTY**
*Residential Tenancies Act* વિશે જાણકારી માટે કૉલ કરો. આ કાયદો, ઑન્ટેરિઓમાં માસિક અને ભાડૂત, જે રહેવાસી પ્રૉપર્ટી ભાડા પર આપે છે અને લે છે, તેમના હક અને જવાબદારીઓને સમજાવે છે.

**Community Legal Education Ontario (CLEO):**
**416-408-4420**
મફત કાનૂની માહિતી માટે કૉલ કરો. CLEO કાનૂની સલાહ આપતું નથી, પરંતુ Legal Aid આપે છે.

**Legal Aid Ontario:**
**416-979-1446** *અથવા* **416-598-8867 TTY**
મફત અથવા ઓછા ખર્ચે કાનૂની સેવાઓ માટે કૉલ કરો.

**Federation of Metro Tenants' Associations**:
**416-921-9494**
આ બિન-નફાકારક સંસ્થા ભાડૂતોના અધિકારો સુધારવા માટે કામ કરે છે. ભાડૂત તરીકે તમારા હક્કો વિશે જાણકારી માટે કૉલ કરો.

# સુરક્ષા નમ્બરો

## આ નંબરો પર તમે દિવસના 24 કલાકમાં, વર્ષના કોઇપણ દિવસે કૉલ કરી શકો છો.

---

અગત્યનું: આ નંબરો હાથમાં રાખો જેથી તમને તેની જરૂર પડે ત્યારે આવશ્યક મદદ મળી શકે છે.

---

**ઇમર્જન્સી સેવાઓ: 911**
**(TTY અને ટેક્સ્ટ ઉપલબ્ધ છે).**
જ્યાં સુધી પ્રતિભાવ ન આવે ત્યાં સુધી સ્પેસબાર અનાઉંસર કી દબાવો. હંમેશાં કટોકટીમાં આ નંબર પર કૉલ કરો. આ નંબર Toronto Police Service, Toronto Fire Services અને Toronto Paramedic Services સાથે જોડાયેલ છે, સંપર્ક કરવા માટે કૉલ કરો.

**Toronto Police Service Central Dispatch**:
**416-808-2222** *અથવા* **416-467-0493 TTY**
બિન-સંકટકાલીન પરિસ્થિતિઓમાં આ નંબર પર કૉલ કરો. Toronto Police Service શહેરમાં વિભાગોમાં કામ કરે છે. તમે કયા વિભાગની નજીક રહો છો તે શોધવા માટે, અને તેમની સંપર્ક માહિતી માટે, **www.torontopolice.on.ca/divisions**ની મુલાકાત લો.

**Crime Stoppers:**

**416-808-8477** *અથવા* **1-800-222-8477**

તમારી પાસે પોલીસને ગુના વિશે જણાવવા જાણકારી હોય તો આ નંબર પર કૉલ કરો.

તમારે તમારૂં નામ આપવાની જરૂર નથી.

**Victim Services (અસરગ્રસ્ત સેવાઓ): 416-808-7066**

ગુનાનો ભોગ બનેલાઓને તાત્કાલિક સહાય માટે આ નંબર પર કૉલ કરો.

**Ministry of the Attorney General**
**Victim Support Line: 416-314-2447**

(સવારના 8 થી રાતના 10 વાગ્યા સુધી, સપ્તાહના સાત દિવસ)

ગુનાનો ભોગ બનેલાની જગ્યા પર તાત્કાલિક સેવા માટે કૉલ કરો. સેવાઓ ઘણી ભાષાઓમાં ઉપલબ્ધ છે.

**Assaulted Women's Help Line (હુમલાનો ભોગબનેલી મહિલા માટે મદદ લાઈન):**

**416-863-0511** *અથવા* **1-866-863-7868 TTY**

સ્ત્રીઓ પર હુમલા થવા પર મદદ માટે આ નંબર પર કૉલ કરો. અંગ્રેજી અને ફ્રેન્ચમાં મદદ ઉપલબ્ધ છે.

# કટોકટી દરમિયાન મદદ

આ નંબરો પર તમે કૉલ કરી શકો છો, જો તમને ખબર હોય કે વ્યક્તિને માનસિક આરોગ્ય સમસ્યા અથવા વ્યસન સાથે વ્યવહારમાં મદદ જોઇએ છે. તમારા વિસ્તારમાં વધુ સેવાઓ શોધવા માટે 211 પર કૉલ કરો.

**Toronto Distress Centres: 416-408-4357 TTY**

લાગણીશીલ આધાર, કટોકટી હસ્તક્ષેપ અને આપઘાત રોકથામમાં મદદપૂરી પાડે છે.

**Gerstein Centre: 416-929-5200**

City of Torontoમાં રહેતા માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ અનુભવતા પુખ્તવયના લોકોને કટોકટી હસ્તક્ષેપ પૂરી પાડે છે.

**St. Elizabeth Health Care: 416-498-8600**
(ટોરોન્ટો માટે કેન્દ્રીય ઑફિસ) **416-498-0043**
(North York અને Etobicoke માટે દિવસના 24 કલાક, સપ્તાહમાં સાત દિવસ)
કુટુંબના સભ્યો, નોંધપાત્ર અન્ય, અને કાળજીદાતાઓ માટે મોબાઇલ કટોકટી હસ્તક્ષેપ આધાર અને ટેકો પૂરો પાડે છે.

**Community Care Access Centres (CCACs), [સામુદાયિક સંભાળ સુલભ કેન્દ્ર (CCACs)]:**
**416-314-5518** *અથવા* **1-888-470-2222 TTY**
કાર્ય સમય: સવારે 8:30થી સાંજે 5:00 વાગ્યા સુધી CCACs વરિષ્ઠોની સંભાળ (સીનિઅર્સ કેર) માટેની માહિતીનો સંપર્ક કરવા માટે પ્રથમ ચરણ છે, અને તમારા વિસ્તારમાં ઉપલબ્ધ સંભાળના પ્રકાર અંગેની માહિતી મેળવી આપે છે.

**Telecare Distress Centres of Canada: 416-920-0497**
મૅન્ડરિન અને કેંટોનીઝમાં માનસિક આરોગ્ય સંભાળ માટે આધારરૂપ જોગવાઈ છે.

**Progress Place Warm Line (પ્રોગ્રેસ પ્લેસ વૉર્મ લાઈન): 416-960-9276**
(સાંજે 8થી મધ્યરાત્રિ સુધી)
માનસિક બીમારી સાથે રહેતા લોકોને કાળજીપૂર્વક આધાર આપે છે.

**Scarborough Hospital Regional (સ્કારબરો હૉસ્પિટલ પ્રાદેશિક )**
**Mobile Crisis Team (મોબાઇલ કટોકટી ટીમ): 416-495-2891**
16 વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિઓને માનસિક આરોગ્ય કટોકટી માટે પ્રતિભાવ પૂરો પાડે છે. East York અને Scarboroughમાં સેવા આપે છે.

**Youthdale Treatment Centres: 416-368-4896**
ટોરોન્ટોમાં બાળકો અને યુવાનો (16 વર્ષ સુધીની વયના) અને તેમના કુટુંબીજનોને માનસિક આરોગ્ય સેવા પૂરી પાડે છે.

**Kids Help Phone: 1-800-668-6868**
20 વર્ષની ઉંમર અને તેનાથી ઓછી ઉંમરના યુવા લોકો માટે સલાહ પૂરી પાડે છે.

**Children’s Aid Society of Toronto: 416-924-4646**
**TTY: 711 ડાયલ કરો, તે પછી 416-924-4646**
બાળ દુરવર્તાવ અને ઉપેક્ષા રોકવા આકારણીઓ, સમસ્યા હસ્તક્ષેપ, સલાહ અને સેવા પૂરા પાડે છે.

**Toronto Withdrawal Management System (ટોરોન્ટો વિથ્ડ્રૉઅલ મેનેજમેન્ટ સિસ્ટમ): 1-866-366-9513**
City of Torontoમાં 16 વર્ષની વયના અથવા તેનાથી વધારે ઉંમરની કોઈપણ વ્યક્તિને નૉન-મેડિકલ વિથ્ડ્રૉઅલ મેનેજમેન્ટ સેવા ઈચ્છતા હોય તેને મદદ પૂરી પાડે છે.

# યુવાનો માટે માહિતી

Toronto Community Housingમાં રહેતા દસ રહેવાસીઓમાંથી ચાર જેટલા 25 વર્ષથી ઓછી વયના છે. અમે રમતગમત, કળા અને શૈક્ષણિક જેવા વિવિધ ક્ષેત્રોમાં આર્થિક અને સામાજિક તકો માટે આપણા સમુદાયોમાં યુવાઓને જોડવા, ભાગીદારો સાથે કામ કરીએ છીએ.

વધુ જાણવા માટે ઑનલાઇન www.torontohousing.ca પર જાઓ *અથવા* સ્થાનિક એંગેજમેન્ટ સ્ટાફ સાથે વાત કરો.

## અહીં યુવાનો માટે કેટલીક ઝડપી લિંક્સ છે:

**www.toronto.ca/youth** અથવા **211 પર કૉલ કરો**
*Youth Development Unit (યૂથ ડેવલપમેન્ટ યૂનિટ):*
સિટી હાયરિંગ પ્રોગ્રામ (ભરતી કાર્યક્રમો), સ્વયંસેવક તકો અને વધુ.

**www.211toronto.ca/topic/youth** અથવા **211 પર કૉલ કરો**
12 થી 29 વર્ષની વયના લોકો માટે સામુદાયિક સેવાઓની યાદી કરે છે.

**www.torontopaye.ca** અથવા **416-397-5627 પર કૉલ કરો**
*Advance Youth Employment (અડવાન્સ યૂથ એમ્પ્લોયમેન્ટ) સાથે ભાગીદારી:* ટોરોન્ટોમાં રહેતા યુવાવર્ગ માટે અગ્રતાનો આસપડોશ.

**www.woodgreen.org** અથવા **416-645-6000 પર કૉલ કરો**
*Woodgreen Community Services:*

મફત યુવાવર્ગ કાર્યક્રમો ફન સોશિયલ આઉટિંગ, હોમવર્ક હેલ્પ, અને Canadaમાં નવા આપેલા કામ શોધતા યુવાઓને મદદ આપે છે.

## વરિષ્ઠો (સીનિઅર્સ) માટે માહિતી

Toronto Community Housing રહેતા ચારમાંથી એક રહેવાસી 59 વર્ષ અને તેથી વધુ ઉંમરના છે. અમે પ્રત્યેક સમુદાયમાં વરિષ્ઠોને સલામત, તંદુરસ્ત વાતાવરણ પુરૂં પાડવા કાર્યરત રહીએ છીએ. વધુ જાણકારી માટે તમારી સ્થાનિક સુવિધા અને સપોર્ટ સ્ટાફ (ટેકો આપતા કર્મચારીઓ) સાથે વાત કરો.

### અહીં વરિષ્ઠો માટે કેટલીક ઝડપી લિંક્સ છે:

**www.toronto.ca/seniors** અથવા **211 પર કૉલ કરો**

*Toronto Seniors Portal (ટોરોન્ટો સીનિઅર્સ પોર્ટલ):* રહેઠાણ, નાણાંકીય સ્રોતો, આરોગ્ય સેવા અને વધુ.

**www.rev.gov.on.ca/en/credit/gains** અથવા **Service Ontario નો 1-800-267-8097 પર કૉલ કરો**

*Guaranteed Annual Income System (ખાતરીપૂર્વક વાર્ષિક આવક પદ્ધતિ):* માસિક લાભ પૂરા પાડીને લાયક ઑન્ટારિયો વરિષ્ઠો માટે ખાત્રીબંધ લઘુત્તમ આવક નિશ્ચિત કરે છે.

**www.mcss.gov.on.ca/en/mcss/programs/social/odsp** *અથવા* Service Ontario (સર્વિસ ઑન્ટારિયો)ને **1-800-267-8097 પર કૉલ કરો**

*Ontario Disability Support Program:*65 વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકો Old Age Security માટે પાત્ર ન હોય તેવા અને નાણાંકીય જરૂરત ધરાવતા હોય તેઓ Ontario Disability Support Program માટે લાયક થઇ શકે છે.

**www.servicecanada.gc.ca** અથવા Service Canada (સર્વિસ કૅનેડા)ને **1-800-622-6232 પર કૉલ કરો**

*Guaranteed Income Supplement (ગેરંટેડ ઇન્કમ સપ્લીમેન્ટ):* વધારાના માસિક લાભ યોગ્ય વરિષ્ઠજનો માટે છે જેમની આવક ઓછી છે અને જેઓ મેળવી રહ્યા છે

**Old Age Security**.

*Old Age Security:* Canadaમાં ઓછામાં ઓછા 10 વર્ષથી રહેતા 65 વર્ષ કે તેથી વધારે ઉંમરના લાયક વરિષ્ઠજનો માટે માસિક લાભ.

# તમારી સ્થાનિક સેવાઓ

તમારા પડોશમાં જે સેવાઓ પર તમે આધારિત રહો છે એના નંબર લખવા આ જગ્યાનો ઉપયોગ કરો.

ઉદાહરણ તરીકે, તમે નજીકના કમ્યૂનિટી હેલ્થ સેન્ટર, વૉક-ઇન ક્લિનિક, લીગલ ક્લિનિક, ફૂડ બેંક, વગેરેને સામેલ કરી શકો છો. તમારે જરૂરી સેવાઓની માહિતી માટે 211 અથવા 311 પર કૉલ કરો.

# શબ્દાવલિ અને પરિશિષ્ટ

## પારિભાષિક શબ્દોનો કોશ

**કબજો છોડાવવો (ઇવિક્શન)**

જ્યારે ભાડૂત અને તેના પરિવારને કાયદાકીય રીતે તેના યૂનિટમાંથી બહાર કરવામાં આવે કારણકે તેમણે લીઝ અથવા *Residential Tenancies Act* હેઠળ ફરજો પૂરી કરી નથી.

**ફોબ**

"કી ફોબ" પણ કહે છે. Toronto Community Housing બિલ્ડિંગોમાં ઘણા મુખ્ય દ્વાર ખોલવા ફોબ્સનો ઉપયોગ થાય છે. આ નાની વસ્તુ છે, સામાન્ય રીતે પ્લાસ્ટિક કે ધાતુની બનેલી હોય છે, જેને તમે દરવાજા પાસેના પૅડ સામે હલાવો છો અને ત્યાર પછી દરવાજો ખુલી જશે.

**પરિવાર**

તમારા યૂનિટમાં રહેતા તમામ લોકો. તમારા યૂનિટમાં રહેતી પ્રત્યેક વ્યક્તિ વિશે તમારે તમારા મકાનમાલિકને જણાવવાનું રહેશે. તમારા પરિવારમાંથી લોકોને ઉમેરવા કે દૂર કરવા વિશે મકાનમાલિક પાસે નિયમો હોય છે.

***Housing Services Act, 2011 (HSA)***

ઑન્ટારિયોમાં આવક અનુસાર ભાડા (RGI) હાઉસિંગ આ કાયદા મુજબ હોય છે. *Social Housing Reform Act, 2000*ના બદલે આવેલો આ કાયદો છે.

**છેતરપિંડી**

કોઈની સાથે છેતરપિંડી (ઉદાહરણ તરીકે, છળકપટ અથવા હાથચાલાકી), જેનો ઇરાદો છળકપટ કરનારને નાણાંકીય અથવા અન્ય લાભ મળે તે માટે હોય છે.

**મકાનમાલિક**

આ માર્ગદર્શિકામાં, મકાનમાલિક Toronto Community Housing છે.

### લીઝ

મકાનમાલિક અને એક કે વધુ ભાડૂત સાથે કરાર. તમે ક્યું યૂનિટ મકાનમાલિક પાસેથી ભાડે રાખી રહ્યા છે, યૂનિટ (એકમ)નું અસલ ભાડું અને મકાનમાલિક અને ભાડૂતના અધિકારો અને જવાબદારીઓ અંગે બતાવે છે. તમે જો ભાડૂત હોવ તો તમારે Toronto Community Housing સ્ટાફને મળવાનું રહેશે અને લીઝ પર હસ્તાક્ષર કરવાના રહેશે. તમારો ભોગવટો આરંભ કરો ત્યારે તમને લીઝની એક નકલ પણ આપવાની રહેશે.

### *Residential Tenancies Act (RTA)*

આ કાયદો, મકાનમાલિક અને નિવાસી પ્રૉપર્ટી ભાડે લેનાર ભાડૂતના અધિકારો અને જવાબદારીઓ નિર્ધારિત કરે છે.

### સબ્લેટ (પેટાભાડે આપવું)

ભાડૂત ખાલી કરી અન્ય કોઈને તેનું યૂનિટ રહેવા આપે તે પેટા ભાડૂત છે. તમારી લીઝ મુજબ યૂનિટમાં પેટા ભાડૂત માન્ય નથી.

### ભાડૂત

વ્યક્તિ જેણે લીઝ પર હસ્તાક્ષર કરીને યૂનિટમાં રહેવાનું ચાલુ રાખ્યું છે તે ભાડૂત છે. (આ લોકોનું જૂથ પણ હોઈ શકે છે.) તમારા યૂનિટમાં એવા લોકો રહી શકતા હોય છે જે તમારા પરિવારનો ભાગ છે પરંતુ ભાડૂતો નથી. ઉદાહરણ તરીકે, 16 વર્ષથી નીચેની ઉંમરના બાળકો ભાડૂત નથી, કારણકે લીઝ પર હસ્તાક્ષર કરવા કાનૂન દ્વારા તેમને પરવાનગી નથી હોતી.

### ટેનન્સિ (ભોગવટો)

મકાનમાલિક અને ભાડૂત (અથવા જો એક કરતાં વધુ વ્યક્તિઓએ લીઝ પર સહી કરેલી હોય તો ભાડૂતો) વચ્ચેનો વર્તમાન સંબધ. ટેનન્સિ એ લીઝ છે જે, *Residential Tenancies Act* દ્વારા, અને જો તમારી ટેનન્સિ સબ્સિડાઇઝ્ડ છે તો, *Housing Services Act* દ્વારા સંચાલિત થાય છે.

### યૂનિટ

આ માર્ગદર્શિકામાં, યૂનિટ એ ઘર છે જેને તમે, Toronto Community Housing (જે અપાર્ટમેન્ટ, ટાઉનહાઉસ, ઘર, વગેરે હોય)થી ભાડા પર લો છો.

# પરિશિષ્ટ 1

## અગ્નિ સુરક્ષા સૂચનો

### તમારા રસોડાને સુરક્ષિત રાખો.

- તમારા સ્ટવને સાફ રાખો અને રાંધતા હોવ ત્યારે રસોડું છોડવું નહિ.
- પૉટ હેન્ડલને અંદરની તરફ ફેરવી દો, જેથી તમારે તેની સાથે ટકરાવું બાળકો ત્યાં સુધી પહોંચી ન શકે.
- રસોઈની ગંધને બહાર કરવા બારી ખુલ્લી રાખો. તમારા અપાર્ટમેન્ટનાં દરવાજાને ખોલશો નહિ. આનાથી ધુમાડો હૉલમાં પ્રવેશી શકે છે અને બિલ્ડિંગની ફાયર અલાર્મ સિસ્ટમ ચાલુ થઈ શકે છે.
- જો આગની સ્થિતિ હોય ત્યારે દરવાજા ખોલો નહિ, બારી પણ (આધાર) ખોલશો નહિ. જો તમે આગને તરત જ હોલવી શકતા નથી તો, તરત જ તમારું મકાન છોડી દો, નજીકના ફાયર અલાર્મને ખેંચો, અને **911** પર કૉલ કરો.
- જો રસોઈ બનાવતી વખતે ધુમાડો ઉપર જવાથી તમારું સ્મોક અલાર્મ વાગે તો, “હશ”નું બટન દબાવો.
- જયારે ધુમાડો જતો રહે પછી આ અલાર્મને શાંત થઈ જશે.
- સ્મોક અલાર્મને ક્યારેય ડિસ્કનેક્ટ ન કરો.

### સહજમાં સળગી ઊઠે તેવા પદાર્થો સાથે સાવધાની વર્તો.

- લાઇટર્સ અને માચીસને સુરક્ષિત જગ્યાએ રાખો.
- તમે રૂમ છોડો ત્યારે મીણબત્તીઓને સળગતી રાખીને જશો નહિ.
- સહજમાં સળગી ઊઠે તેવા પદાર્થો જેવા કે પેઇન્ટ, એમોનિયા, અથવા ઑઇલને, કચરાનાં સ્થળે ફેંકો નહિ.
- સહજમાં સળગી ઊઠે તેવા પદાર્થોને કઈ રીતે સુરક્ષાથી ફેંકી શકાય તે અંગે તમારા સુપરિન્ટન્ડન્ટને પૂછો.

### ધૂમ્રપાન કરતી વખતે કાળજી રાખો.

- હંમેશા એશટ્રેનો ઉપયોગ કરો.
- જ્યારે તમે રૂમ છોડીને જાવ ત્યારે સિગરેટ સળગતી રાખીને જશો નહિ.
- પલંગમાં ધૂમ્રપાન કરો નહિ.
- બૅલ્કનિમાંથી સિગરેટ બટ્સ ફેંકો નહિ (વધારે વિગત માટે પાનાં 23 વાંચો).

### ઈલેક્ટ્રિક આઉટલેટ પર વધારે પડતો લોડ નહિ માંગતા.

- એક જ આઉટલેટમાં, એક્સટેન્શન કૉર્ડ અથવા પાવર બારનો ઉપયોગ કરતા ઘણા બધા ઈલેક્ટ્રિક પ્લગ નાંખવા કે ઉપકરણોનો ઉપયોગ કરવાથી, આગનું જોખમ બની રહે છે. તમારી જરૂરિયાતની વસ્તુઓ માટે જગ્યા કરવા જે વસ્તુઓનો તમે વપરાશ કરતા નથી તેને અનપ્લગ કરી દો.

- CSA દ્વારા પ્રમાણિત ઈલેક્ટ્રિક ઉપકરણોનો ઉપયોગ કરો.

**વધારે પડતો ભરાવો, આગનું જોખમ પેદા કરી શકે છે.**

- તમારા ઘરને સ્વચ્છ અને ભરાવાથી (ગંદવાડ) રહિત રાખો. ભરાવાને થતો અટકાવવા માટે તમારે અથવા તમારી જાણકારીમાં હોય તેવા કોઈને **Client Care Centre**ના **416-981-5500** પર કૉલ કરવા કહો. તમારે જરૂર હશે તે મદદ અમે તમને મદદ પૂરી પાડીશું.

હૉલવેઝમાં વસ્તુઓ છોડી દેવી જોખમી છે.

- જો ફેંકવા માટે તમારી પાસે ફર્નિચર કે અન્ય વસ્તુઓ છે તો તેને ક્યારેય હૉલવેઝમાં ન છોડો. મોટી વસ્તુઓને તમે કઈ રીતે ફેંકી શકો, તે જાણવા માટે **416-981-5500** પર કૉલ કરો.

**ગ્રેબ-ઍન્ડ-ગો બૅગ બનાવો.**

- ગ્રેબ-ઍન્ડ-ગો બૅગમાં, તમને કટોકટીના સમયે જરૂરી એવી અગત્યની માહિતી પૂરી રાખવી જોઈએ.
- કોઈપણ બૅગનો ઉપયોગ કરો. આ બૅગને તમારા આગળનાં દરવાજા (ફ્રન્ટ ડોર) નજીક રાખો. કટોકટીનાં સમયે તેને ઝડપથી લઈ લો, જ્યારે તમારે તમારા ઘરને જલ્દીથી છોડવાની જરૂરિયાત હોય.

## ગ્રેબ-ઍન્ડ-ગો-બૅગ, બનાવવા માટે શું જરૂરિયાત હોય છે

અગત્યના સંપર્ક નંબરોની યાદી, જેમાં સમાવિષ્ટ છે:

- તમારા વાલી (ગાર્ડિયન) અથવા કટોકટી સંપર્ક(સંપર્કો)
- કુટુંબ અને મિત્રો
- ખાસ કાળજી પૂરી પાડનાર અથવા સહાયક કાર્યકર
- ડૉક્ટરની ઑફિસ (ક્લિનિક)
- ફાર્માસિસ્ટ / ફાર્મસી
- વીમા કંપનીની માહિતી

અન્ય અગત્યની બાબતો:

- ચાવીઓનો એક વધારનો સેટ
- બૅંકની ચોપડીઓની નકલ અને થોડીક રોકડ રકમ
- વધારાનાં ગ્લાસ, કૉન્ટેક્ટ લેન્સિસ, અને/અથવા હિઅરિંગ ઍડની બેટરીઝ
- વધારાનું અંડરવેર
- ટૉઇલેટરિઝ
- પાણીની બોટલ

- એક બ્લૅન્કેટ (કામળો)
- પાલતુ પ્રાણીનો ખોરાક અને દવા (જો દરરોજ જરૂર પડતી હોય) અને તમારા પાલતુ જાનવરનાં ફોટા/રસી (વૅક્સિન) અંગેની માહિતીની નકલ

તમારી ગ્રેબ-ઍન્ડ-ગો બૅગમાં આનો સમાવેશ પણ હોવો જોઈએ:

- તમારા ફોટાની ઓળખાનની નકલ
- એક અઠવાડિયાનાં પ્રિસ્ક્રિપ્શન ડ્રગ્સ (ડૉક્ટરે નિર્ધારિત કરી લખી આપેલી દવાઓ), મૅડિકલ સપ્લાઈઝ (તબીબી પૂરવઠો) અને ખાસ ઉપકરણો.
- તમારી ખાસ જરૂરિયાતો અથવા અસક્ષમતા અંગેની માહિતી આપતી શીટ.
- તમારી આહાર જરૂરિયાતો પૂરો પાડતો ખોરાક.
- તમારી એલર્જીઓ અંગેની માહિતી.
- તમારા હૉસ્પિટલના કાર્ડની નકલ.

જો તમારી ખાસ જરૂરિયાતો હોય, તમને સહાયક વ્યક્તિની જરૂરિયાતો હોય, અથવા જીવન-રક્ષક ઉપકરણોનો ઉપયોગ કરતા હોવ:

- Toronto Community Housingને અગાઉથી જણાવી દો અને ગોઠવણ કરો જેથી કટોકટીની વેળા હોય તો કોઈ તમારી મદદ કરી શકે.
- MedicAlert બ્રેસલેટ પહેરો અથવા ઓળખપત્ર સાથે રાખો.
- પર્સનલ અલાર્મ સાથે રાખો, જે મોટા આવજવાળું હોવાથી તમે મદદની જરૂરિયાત વખતે કોઈને મદદ માટે બોલાવી શકો.
- તમારા ઉપકરણો પર નિશાન લગાવો અને તેને કેવી રીતે વાપરવું અને ફેરવવું તે અંગેની સૂચના જોડો.

તૈયારી કરી લો:

- તમારી કટોકટી માટેની સંપર્ક યાદીમાં અન્ય કોનો સમાવેશ થઈ શકે છે?
- કટોકટી વખતે તમને બીજી કઈ વસ્તુઓની જરૂરત પડશે?

## કટોકટી માટે તમે કેવી રીતે તૈયાર રહી શકો, તે અંગે વધુ માહિતી માટે, મુલાકાત લો:

City of Torontoની Office of Emergency Management વેબસાઇટ,**www.toronto.ca/oem** પર અથવા Emergency Management Ontario **www.emergencymanagementontario.ca**.

# પરિશિષ્ટ 2

## તમે Toronto Community Housing ને હરિત રાખવા માટે મદદ કરી શકો છો

**ઊર્જા અને પાણીનો વપરાશ ઘટાડો અને કચરાને ઘટાડો.**

ઊર્જા અને પાણીની બચતમાં મદદ કરવા માટે, અમે અમારી પ્રૉપર્ટીમાં ફેરફાર કરી રહ્યા છીએ.

સગવડો (યુટિલિટિઝ) પાછળ ઓછા પૈસાનો વપરાશ અર્થાત્ બિલ્ડિંગ જાળવણી માટે વધારે પૈસા.

તમે તમારો ફાળો આપી શકો છો:

- જ્યારે બહાર જાઓ ત્યારે લાઈટ બંધ રાખો.
- સ્નાન માટે થોડા સમય માટે શાવર વાપરવો.
- તમારા દાંત સાફ કરતી વખતે પાણી ચાલું છોડી ન દો.
- તમારી લૉન્ડ્રી વખતે ઠંડા પાણીનો ઉપયોગ કરો.
- ડ્રાયરનો ઉપયોગ કરવાને બદલે તમારી બૅલ્કનિમાં ડ્રૉઇંગ રૅકનો (ક્લૉથલાઇન નહિ) કપડાં સૂકવવા માટે ઉપયોગ કરો.
- શિયાળામાં બારીઓ બંધ રાખો. જો શિયાળામાં પણ ખૂબ ગરમી હોય તો, જો શક્ય હોય તો, થર્મોસ્ટેટ (તાપનિયંત્રક) ઓછું કરો અથવા તમારા સુપરિન્ટન્ડન્ટને વાત કરો.
- જો શિયાળામાં સખત ઠંડી હોય તો તમારા અવનનો ગરમી મેળવવા માટે ઉપયોગ ન કરો. તે અસુરક્ષિત છે. તમારા સુપરિન્ટન્ડન્ટ સાથે વાત કરો જેથી અમે સમસ્યા શોધી તેનું નિવારણ કરી શકીએ.
- ફ્રિજનો દરવાજો ખુલ્લો ન રાખો અને જરૂર ન હોય તેથી વધારે એને ઠંડું ન થવા દો.
- ટપકતાં નળ અને બરાબર બંધ ન થતી બારીઓ અંગે અમને જણાવો.
- જ્યારે ઈલેક્ટ્રૉનિક્સ ખરીદો ત્યારે એનર્જી સ્ટાર (Energy Star)નું લેબલ જોઈને જ ખરીદો. આ લેબલવાળા ઈલેક્ટ્રૉનિક્સ ઓછી ઊર્જા વાપરે છે.
- ટીવી, સ્ટીરિઓ અને કૉમ્પ્યૂટરોને જ્યારે વાપરતા ના હોય ત્યારે બંધ કે અનપ્લગ કરી દો અથવા પાવર બારનો ઉપયોગ કરો જેથી તમે, એક જ સ્વિચ દ્વારા બધાને બંધ કરી શકો.
- જેટલું વધારે કરી શકો તે રીતે રિડ્યૂસ (ઘટાડવું), રીસાઇકલ, અને પુનઃ ઉપયોગ કરો.

તમારી બિલ્ડિંગમાં રીસાઇક્લિંગ અથવા બીજી કોઈ બાબત વિશે પ્રશ્નો હોય તો, તમારા સુપરિન્ટન્ડન્ટને જણાવો અથવા **Client Care Centre** પર કૉલ કરો.